સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 19

[ MAY - 2023 ]
[ 07/05/23 to 13/05/23 ]


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)





JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

ICEONLINE APP
iceonline

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને **ફ્રી મટીરિયલ્સ** તેમજ **રેગ્યુલર કરંટ અફેર્સ** મેળવવા માટે ક્લિક કરો.

CONTACT US : 93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**07 MAY-2023**


- દિવસ મહિમા : 7 મે, BRO સ્થાપના દિવસ ........ 02
- મણિપુર : મૈતેઈ દ્વારા અનુસૂચિત જનજાતિ દરજ્જાની માંગ અને બળવો ........ 02
- બ્રિટનના કિંગ ચાર્લ્સ તૃતીયનો રાજ્યાભિષેક ........ 04
- QUESTION ANSWERS ........ 09


**08 MAY-2023**


- દિવસ મહિમા : 08 મે, વિશ્વ રેડ ક્રોસ દિવસ (World Red Cross Day), વિશ્વ થેલેસેમિયા દિવસ ........ 10
- રશિયાએ વિશ્વનું સૌથી મોટું બોમ્બર TU-160 તૈનાત કર્યુ ........ 11
- INS મગર 36 વર્ષની સેવા બાદ નિવૃત્ત ........ 13
- બિનચેપી રોગો માટેના સરકારી કાર્યક્રમનું નવું નામ ........ 14
- આરબ લીગ (Arab League) ........ 15
- QUESTION ANSWERS ........ 17


**09 MAY-2023**


- બુલંદ ભારત અભ્યાસ (Buland Bharat Exercise) ........ 18
- રાજસ્થાનમાં લિથિયમ ભંડારની શોધ થઈ ........ 18
- COP28નું આયોજન દુબઈમાં થશે ........ 21
- મેઘાલયમાં Dawki Land Portનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું ........ 21
- QUESTION ANSWERS ........ 22


**10 MAY-2023**


- ચંદીગઢમાં ઈન્ડિયન એરફોર્સ હેરિટેજ સેન્ટરનું ઉદ્દઘાટન ........ 23
- લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ 2023ના વિજેતાઓની યાદી ........ 23
- QUESTION ANSWERS ........ 25


**11 MAY-2023**


- દિવસ મહિમા : 11 મે, રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ (National Technology Day) ........ 26
- ઉત્તરાખંડમાં સ્થિત તુંગનાથ મંદિરને રાષ્ટ્રીય મહત્ત્વનું સ્મારક જાહેર કર્યુ ........ 27
- સિત્તવે પોર્ટ (SITTWE Port) : મ્યાનમાર ........ 28
- QUESTION ANSWERS ........ 30


**12 MAY-2023**


- દિવસ મહિમા : 12 મે, આતંરરાષ્ટ્રીય નર્સ દિવસ (International Nurses Day) ........ 31
- 12 મે : વનસ્પતિ આરોગ્યનો આંતરરાષ્ટ્રીય દિવસ ........ 32
- તાગિન સમુદાય પર આધારિત પ્રથમ ફીચર ફિલ્મ ........ 33
- શ્રી નીરજ ચોપરાએ દોહા ડાયમંડ લીગ 2023નો ખિતાબ જીત્યો ........ 33
- QUESTION ANSWERS ........ 34


**13 MAY-2023**


- કોવિડ-19 મહામારી હવે 'ગ્લોબલ હેલ્થ ઈમરજન્સી' નહીં : WHO ........ 35
- QUESTION ANSWERS ........ 37

ONE LINER ........ 38

QUESTION OF THIS WEEK ........ 43


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 7 મે, BRO સ્થાપના દિવસ

7 મે, 2023ના રોજ 'સીમા સડક સંગઠન' (Border Roads Organization- BRO) દ્વારા તેમના 64માં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

- બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશન (BRO)ની સ્થાપના 7 મે, 1960ના રોજ થઈ હતી.
- તે સંરક્ષણ મંત્રાલય હેઠળ મુખ્ય માર્ગ નિર્માણ સંસ્થા તરીકે કાર્ય કરે છે.
- તેની પ્રાથમિક ભૂમિકા ભારતના સરહદી વિસ્તારોને રોડ કનેક્ટિવિટી પૂરી પાડવાનો છે.
- તેનું વડું મથક નવી દિલ્હી ખાતે આવેલું છે.
- આ ઉપરાંત તે સેનાની વ્યૂહાત્મક જરૂરિયાતોને પહોંચી વળવા પૂર્વી અને પશ્ચિમી સરહદી વિસ્તારોમાં રોડ નિર્માણ અને જાળવણીનું કામ હાથ ધરે છે.
- તે અફઘાનિસ્તાન, ભૂટાન, મ્યાનમાર, શ્રીલંકા અને નેપાળ જેવા મિત્ર દેશોમાં રસ્તાઓ બનાવીને પાડોશી પ્રદેશોમાં ભારતના વ્યૂહાત્મક ઉદ્દેશ્યમાં યોગદાન આપે છે.

श्रमेण सर्वम् साध्यम

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## મણિપુર : મૈતેઈ દ્વારા અનુસૂચિત જનજાતિ દરજ્જાની માંગ અને બળવો



તાજેતરમાં ઓલ ટ્રાઈબલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ મણિપુર (ATSUM) દ્વારા આયોજિત સામૂહિક રેલી હિંસક બન્યા પછી મણિપુર સરકારે મોટાભાગના જિલ્લાઓમાં કર્ફ્યુ લાદયો હતો અને થોડા દિવસ માટે મોબાઈલ ઈન્ટરનેટ પણ સ્થગિત થયું હતું.

- ઓલ ટ્રાઈબલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ મણિપુર (ATSUM)એ રાજ્યની અનુસૂચિત જનજાતિ (ST) સૂચીમાં મૈતેઈ સમુદાયનો સમાવેશ કરવાની માંગનો વિરોધ કરવા માટે એકતા માર્ચ (કૂચ) કરી હતી.
- મણિપુર હાઈકોર્ટ દ્વારા રાજ્યને બિન–આદિવાસી મૈતેઈ સમુદાયને STનો દરજ્જો આપવા માટે 10 વર્ષ જૂની ભલામણ સાથે આગળ વધવા આદેશ આપ્યા બાદ કૂચ હિંસક અથડામણમાં ફેરવાઈ ગઈ હતી.

## STનો દરજ્જો આપવાની માંગ

મણિપુરની અનુસૂચિત જનજાતિ ડિમાન્ડ કમિટી (STDCM)ના નેતૃત્વમાં મૈતેઈ (Meitei) સમુદાય 2012થી ST દરજ્જાની માંગ કરી રહ્યો છે.

- અને તેમને તેમની સંસ્કૃતિ, ભાષા અને ઓળખને જાળવવા માટે બંધારણીય સુરક્ષા આપવાનું કહી રહ્યા છે.
- હાઈકોર્ટ સમક્ષ તેમની અરજીમાં અરજદારોએ દલીલ કરી હતી કે મૈતેઈ (Meitei) વર્ષ 1949માં મણિપુરના ભારતમાં વિલીનીકરણ પહેલા એક આદિજાતી તરીકે ઓળખાતા હતા. પરંતુ ભારતમાં વિલીનીકરણ પછી તેમની ઓળખ ગુમાવી દીધી હતી.
- અનુસૂચિત જનજાતિની યાદીમાંથી બહાર રહેવાના પરિણામે મૈતેઈ સમુદાય કોઈપણ બંધારણીય રક્ષણ વિના હાંસિયામાં ધકેલાઈ ગયો હોવાનું અનુભવે છે.
- તેમની વસતી જે વર્ષ 1951માં મણિપુરની કુલ વસતીના 59% હતી તે હવે 2011ની વસતી ગણતરીના આંકડા મુજબ ઘટીને 44% થઈ ગઈ છે.
- મૈતેઈ સમુદાય માને છે કે તેમને STનો દરજ્જો આપવાથી તેમની પૂર્વજોની જમીન, પરંપરા, સંસ્કૃતિ અને ભાષાનું જતન કરવામાં મદદ મળશે અને બહારના લોકોથી તેમનું રક્ષણ થશે.
- મૈતેઈ સમુદાય વસતી અને રાજકીય પ્રતિનિધિત્વની દષ્ટિએ પહેલેથી જ પ્રભુત્વ ધરાવે છે, કારણ કે મોટાભાગના વિધાનસભા મતવિસ્તારો ખીણોમાં છે જ્યાં મૈતેઈયો વસે છે.
- અનુસૂચિત જનજાતિ સમુદાયોને ડર છે કે મૈતેઈઓને અનુસૂચિત જનજાતિનો દરજ્જો આપવાથી તેઓ અનુસૂચિત જનજાતિ માટે નોકરીની તકો અને અન્ય સકારાત્મક પ્રવૃત્તિઓથી વંચિત રહેશે.
- મૈતેઈ ભાષા પહેલાથી જ ભારતીય બંધારણની 8મી અનુસૂચિમાં સામેલ છે. અને મૈતેઈ સમુદાયના અમુક વિભાગોને પહેલેથી જ અનુસૂચિત જાતિ (SC) અથવા અન્ય પછાત વર્ગો (OBC) હેઠળ વર્ગીકૃત કરવામાં આવ્યા છે, જે તેમને ચોક્કસ તકો સુધી પહોંચ પ્રદાન કરે છે.
- રાજ્ય સરકાર ઓગસ્ટ 2022થી ચેતવણી આપે છે કે ચુરાચંદપર–ખાપુમ સંરક્ષિત વન વિસ્તારના 38 ગામો 'ગેરકાયદેસર વસાહતો' છે અને રહેવાસીઓ 'અતિક્રમણ કરનારા છે', જે અશાંતીનું બીજુ કારણ છે.
- ત્યારબાદ સરકારે નિકાલ (હકાલપટ્ટી) અભિયાન શરૂ કર્યુ જે અથડામણમાં પરિણમ્યું હતું.
- કુકી જૂથોએ દાવો કર્યો છે કે સર્વેક્ષણો અને હકાલપટ્ટી અનુચ્છેદ 371Cનું ઉલ્લંઘન કરે છે, જે મણિપુરના આદિવાસી–પ્રભાવિત પહાડી વિસ્તારોને કેટલીક વહીવટી સ્વાયત્તતા આપે છે.

**નોંધ :** (1) કુકી એક વંશીય જૂથ છે જેમાં મૂળ મણિપુર, મિઝોરમ અને આસામના ઉત્તરપૂર્વીય રાજ્યોમાં વસતી કેટલીક જાતિઓનો સમાવેશ થાય છે.

(2) મૈતેઈ એ મણિપુરમાં સૌથી મોટો સમુદાય છે અને ત્યાં 34 માન્યતાપ્રાપ્ત જાતિઓ છે જે મુખ્યત્વે 'અની કુકી જનજાતિ' અને 'અની નાગા જનજાતિ' તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે.

## મૈતેઈ સમુદાય વિશે

મૈતેઈ લોકોને મણિપુરી લોકો પણ કહેવામાં આવે છે.

- મૈતેઈ મણિપુરનો પ્રભાવી સમુદાય છે, જે મુખ્યત્વે ઈમ્ફાલના મેદાનમાં જોવા મળે છે.
- આ ઉપરાંત તેઓ આસામ, ત્રિપુરા, નાગાલેન્ડ, મેઘાલય અને મિઝોરમ રાજ્યમાં પણ જોવા મળે છે. તેમાંથી કેટલાક મ્યાનમાર અને બાંગ્લાદેશમાં પણ રહે છે.
- તેમાંના મોટાભાગના હિન્દુઓ છે તથા લગભગ 8% મુસ્લિમ છે.
- તેમની પ્રાથમિક ભાષા Meitei છે, જેને મણિપુરી તરીકે પણ ઓળખવામાં આવે છે અને મણિપુરની એકમાત્ર સત્તાવાર ભાષા છે.
- મૈતેઈ લોકો ગોત્રોમાં વિભાજિત છે અને સમાન ગોત્રના સભ્યો આંતરવિવાહ કરતા નથી.
- નોંધનીય છે કે 1992માં ભારતીય બંધારણની આઠમી અનુસૂચિમાં મણિપુરીનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## બ્રિટનના કિંગ ચાર્લ્સ તૃતીયનો રાજ્યાભિષેક



બ્રિટનના કિંગ ચાર્લ્સ તૃતીયનો 6 મે, 2023ના રોજ મહારાજા (કિંગ) તરીકે રાજ્યાભિષેક કરવામાં આવ્યો હતો.

- લંડનના વેસ્ટમિન્સ્ટર એબી ખાતે રાજ્યાભિષેક સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ રાજ્યાભિષેક સમારોહમાં વિશ્વભરના 2000થી વધુ મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.
- સત્તાવાર રીતે તેમનો રાજ્યાભિષેક કરતા કેન્ટરબરીના આર્ચબિશપ જસ્ટિન વેલ્બીએ તમામ રીતિરિવાજો અનુસાર કિંગ ચાર્લ્સની તાજપોશી કરી તેમને મુગટ પહેરાવ્યો હતો. આ મુગટ ઈંગ્લેન્ડના મહારાજાની શક્તિનું પ્રતિક છે.
- તાજેપોશીની સાથે જ કિંગ ચાર્લ્સ બ્રિટનના સિંહાસન પર બેસનાર સૌથી વૃદ્ધ બ્રિટિશ સમ્રાટ બની ગયા છે.

- કિંગ ચાર્લ્સ III (તૃતીય)એ તેમના રાજ્યાભિષેક દરમિયાન સેન્ટ એડવર્ડ્સ ક્રાઉન પહેરયો હતો.
- તેમના પત્ની મહારાણી કેમિલાને પણ મુગટ પહેરાવવામાં આવ્યો હતો જોકે મુગટમાં કોહિનૂર હીરો નહોતો.
- નોંધનીય છે કે સપ્ટેમ્બર 2022માં રાણી એલિઝાબેથ IIના મૃત્યુ બાદ શાસન તેમના સૌથી મોટા પુત્ર પ્રિન્સ ઓફ વેલ્સને સોંપવામાં આવ્યું છે.
- જેને હવેથી કિંગ ચાર્લ્સ III(3)ના નામથી ઓળખવામાં આવે છે.

## વેસ્ટમિન્સ્ટર એબી



વિલિયમ ધ કોન્કરરે ઈંગ્લેન્ડ પર વિજય મેળવ્યો ત્યારથી 1066થી વેસ્ટમિન્સ્ટર એબી બ્રિટિશ રાજાઓના રાજ્યાભિષેક સમારોહનું સ્થળ છે.

- આ કેથેડ્રલમાં ઘણા બધા રાજ્યાભિષેક અને શાહી લગ્ન થયા છે.

## સેન્ટ એડવર્ડનો તાજ



બ્રિટિશ રાજવી પરિવાર પાસે ઘણા મુગટ છે અને રાજા ચાર્લ્સ IIIએ તેમના રાજ્યાભિષેક દરમિયાન સેન્ટ એડવર્ડ્સ ક્રાઉન પહેર્યો હતો.

- સેન્ટ એડવર્ડ્સ ક્રાઉન બ્રિટિશ શાહી તાજમાં સૌથી જૂનો છે અને તે ક્રાઉન જ્વેલ્સ સંગ્રહનો એક ભાગ છે.
- કિંગ ચાર્લ્સ II એ તાજ પહેરનાર પ્રથમ રાજા હતા, જે 1661માં બનાવવામાં આવ્યો હતો.
- આ તાજ સંપૂર્ણપણે સોનાનો બનેલો છે અને તેને માણેક અને નીલમથી શણગારવામાં આવ્યો છે.
- તેનું વજન લગભગ બે કિલોગ્રામ છે અને તેની કિંમત 40 મિલિયન ડોલર હોવાનો અંદાજ છે.
- તાજનું નામ સેન્ટર એડવર્ડ પરથી પડ્યું છે, જે ઈંગ્લેન્ડના છેલ્લા એંગ્લો–સેક્સન રાજા હતા અને 1042 થી 1066માં તેમના મૃત્યુ સુધી શાસન કર્યુ હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધઃ** (1) સુશ્રી કેમિલાએ રાજ્યભિષેક દરમિયાન કિંગ જ્યોર્જ Vની પત્ની <u>ક્વીન મેરી</u>ના 1911 રાજ્યાભિષેક સમારોહ માટે બનાવવામાં આવેલ મુગટ પહેરયો હતો. 1700 પછી પ્રથમ વખત મહારાણીના તાજનો રાજ્યાભિષેક વખતે ફરીથી ઉપયોગ કરવામાં આવ્યો હતો.

(2) <u>ઓપરેશન ગોલ્ડન ઓર્બ</u> એ રાજા ચાર્લ્સ IIIના રાજ્યાભિષેક સમારોહનું ગુપ્ત નામ છે.

(3) એક જાણકારી મુજબ બ્રિટનના સૌથી મોટા પાદરીએ લોકોને અપીલ કરી છે કે તેઓ તેમના રાજા પ્રતિ નિષ્ઠાના શપથ લે. લોકો એ મુજબના શપથ લેશે કે <u>'હું શપથ લઉ છું કે, હું તમારા અને તમારા ઉત્તરાધિકારીઓ પ્રતિ કાયદાની સાથે સાચિ નિષ્ઠા નિભાવિશ. ભગવાન મને તેમાં મદદ કરે.'</u>

(4) ભારતના ઉપરાષ્ટ્રપતિ <u>શ્રી જગદીપ ધનખરે</u> આ રાજ્યાભિષેક સમારોહમાં હાજરી આપી હતી.

(5) પશ્ચિમ બંગાળના હુગલી જિલ્લાના એક નાનકડા ગામના મહિલા ફેશન ડિઝાઈનરે બ્રિટિશ મહારાણી કેમિલા માટે એક પોષાક અને કિંગ ચાર્લ્સ તૃતીય માટે એક બ્રોચ ડિઝાઈન કર્યુ હતું. શાહી પરિવારે પણ તેમને વળતો પત્ર પાઠવીને રાજ્યાભિષેક સમારંભમાં ભાગ લેવા નિમંત્રણ પાઠવ્યું હતું. પ્રિયંકા મલિક હુગલી જિલ્લાના બાદિનન ગામના રહેવાસી છે.

(6) ANI અનુસાર બ્રિટિશ કોન્સ્યુલેટ અને બ્રિટિશ એમ્બેસીએ (ભારતમાં) ડબ્બાવાલાઓને ખાસ આમંત્રણ આપ્યું હતું. મુંબઈના જાણીતા ડબ્બાવાલાઓએ બ્રિટનના નવા રાજાની ઉજવણી માટે વારકરી શાલ અને પુનેરી પગડી (પૂણેમાં બનેલી પાઘડી) પણ ખરીદી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## કિંગ ચાર્લ્સ III



કિંગ ચાર્લ્સ III (તૃતીય)નો જન્મ <u>14 નવેમ્બર, 1948</u>ના રોજ <u>લંડન</u>ના <u>બકિંગહામ પેલેસ</u> ખાતે થયો હતો.

- તેઓ બ્રિટિશ <u>ક્વીન એલિઝાબેથ II</u> અને <u>પ્રિન્સ ફિલિપ</u>ના પુત્ર છે.
- તેઓ પ્રિન્સ ચાર્લ્સ ફિલિપ આર્થર જ્યોર્જ અથવા પ્રિન્સ ઓફ વેલ્સ ચાર્લ્સ તરીકે ઓળખાતા હતા.
- 20 વર્ષની વયે તેમને પ્રિન્સ ઓફ વેલ્સનું નામ આપવામાં આવ્યું હતું.
- વર્ષ 2022માં રાણી એલિઝાબેથ IIના મૃત્યુ બાદ શાસન પ્રિન્સ ઓફ વેલ્સ ચાર્લ્સને સોંપવામાં આવ્યું હતું.
- ત્યારથી તેમને <u>કિંગ ચાર્લ્સ III(3)</u> તરીકે સંબોધવામાં આવે છે.

- તેઓ સૌથી વધુ લાંબા સમય સુધી સેવા આપનાર વારસદાર પણ છે.
- કિંગ ચાર્લ્સ III બ્રિટનના ઈતિહાસમાં 40માં રાજા બન્યા છે.
- તેઓ બ્રિટન ઉપરાંત ઓસ્ટ્રેલિયા, કેનેડા, ન્યુઝીલેન્ડ, જમૈકા, બાર્બાડોસ, બહામાસ, ગ્રેનેડા, પાપુઆ ન્યુ ગિની, સોલોમન આઈલેન્ડ, તુવાલુ સેન્ટર લુસિયા, સેન્ટ વિન્સેટ અને ગ્રેનેડાઈન્સ, બેલીઝ, બાર્બુડા અને સેન્ટકિટ્સના રાજા બન્યા છે.
- આ ઉપરાંત કોમનવેલ્થ રાષ્ટ્રો અને પ્રદેશોના વડા પણ બન્યા છે.

નોંધ: (1) બ્રિટનમાં સમ્રાટની પત્ની અથવા મહારાણીના પતિને 'કોન્સર્ટ' તરીકે ઓળખવામાં આવે છે.
(2) 'કોન્સર્ટ' એ એક એવી પદવી છે જે માન અને સન્માન આપે છે પરંતુ કોઈ બંધારણીય ભૂમિકા નથી.
(3) બ્રિટિશ રાજાશાહી બંધારણીય રાજાશાહી તરીકે ઓળખાય છે.

## બંધારણીય રાજાશાહી

બંધારણીય રાજાશાહી એ સરકારની એક પ્રણાલી છે જેમાં રાજા બંધારણીય રીતે સંગઠિત સરકાર સાથે સત્તા વહેંચે છે.

- સમ્રાટ રાજ્યના વાસ્તવિક વડા અથવા સંપૂર્ણ ઔપચારિક શાસક હોઈ શકે છે.
- બંધારણ સરકારની બાકી રહેલી સત્તા વિધાનસભા અને ન્યાયતંત્રને ફાળવે છે.
- વ્હિગ્સ હેઠળ બ્રિટન બંધારણીય રાજાશાહી બન્યું છે.

## બ્રિટિશ રાજાશાહીની ભૂમિકાઓ અને સત્તાઓ

બ્રિટિશ રાજાશાહી એ બંધારણીય રાજાશાહી છે.

- કારણ કે રાજ્યના સાર્વભૌમ વડા હોવાના કારણે કાયદાઓ બનાવવા અને પસાર કરવાની ક્ષમતા ચૂંટાયેલી સંસદ પાસે રહે છે.
- બ્રિટિશ સમ્રાટ શાસક છે પરંતુ તે ખરેખર શાસન કરતા નથી.
- આધુનિક બ્રિટનમાં રાજાની સત્તાઓ અથવા ભૂમિકા હવે મોટા ભાગે ઔપચારિક છે.
- સમ્રાટે રાજકીય બાબતોના સંબંધમાં સખત રીતે તટસ્થ રહેવું પડે છે.
- અન્ય બંધારણીય રાજાશાહી ધરાવતા દેશોમાં બેલ્જિયમ, કંબોડિયા, જોર્ડન, નેધરલેન્ડ, નોર્વે, સ્પેન, સ્વીડન અને થાઈલેન્ડનો સમાવેશ થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભૂમિકાઓ અને શક્તિઓ

### વડાપ્રધાન અને સરકારની નિમણૂક

સમ્રાટ વડાપ્રધાનની નિમણૂક કરે છે જેને સંસદ સભ્યોના બહુમતનું સમર્થન પ્રાપ્ત છે.

- એકવાર પાર્ટીના નેતા સામાન્ય ચૂંટણી જીતી જાય તો રાજ્યના વડા તેને સરકાર બનાવવા માટે બકિંગહામ પેલેસમાં આમંત્રણ આપે છે.
- જોકે રાજા પાસે હવે વડાપ્રધાનની નિમણૂક અથવા બરતરફ કરવાની વિવેકાધીન સત્તા નથી.

### સંસદનું ઉદ્‌ઘાટન

સમ્રાટ સંસદીય વર્ષનો પ્રારંભ રાજ્યના ઉદ્‌ઘાટન સમારોહ સાથે કરે છે જે દરમિયાન તેઓ હાઉસ ઓફ લોર્ડ્સમાં એક્ઝિક્યુટિવની આયોજિત નીતિઓ અને પ્રાથમિકતાઓ વિશે ભાષણ આપે છે.

### કાયદાની મંજૂરી

હાઉસ ઓફ લોર્ડ્સ એન્ડ કોમન્સમાં પસાર થયેલા બિલોને સાર્વભૌમ શાહી સંમતિ આપે છે.

- પરંતુ હવે તે અનિવાર્યપણે રબર–સ્ટેમ્પિંગ પ્રથા છે.
- કારણ કે છેલ્લી વખત એક બિલને વર્ષ 1907માં રાણી એની દ્વારા શાહી સંમતિ નકારી હતી.

### કોમન વેલ્થ દેશો

સમ્રાટ (ક્વીન/કિંગ) કોમનવેલ્થ ઓફ નેશન્સના વડા પણ છે.

- કોમનવેલ્થ દેશો એ બ્રિટિશ સામ્રાજ્યના ભૂતપૂર્વ પ્રદેશો છે.
- તેમાં 2.4 અબજની વસતી સાથે 56 સ્વતંત્ર રાષ્ટ્રનો સમાવેશ થાય છે.

**નોંધ:** (1) બ્રિટનનું રાષ્ટ્રગાન હવે 'ગોડ સેવ ધ ક્વીન'ને 'ગોડ સેવ ધ કિંગ'માં બદલવામાં આવશે.

(2) બ્રિટિશ પાસપોર્ટના અંદરના કવર પર લખેલા શબ્દો પણ અપડેટ થશે. કારણ કે પાસપોર્ટ ક્રાઉનના નામે જારી થાય છે.

(3) બ્રિટિશ પાસપોર્ટ પર લખેલું હોય છે કે "બ્રિટનના મહારાણી તરફથી સેક્રેટરી ઓફ સ્ટેટ તમને અનુરોધ કરે છે કે પાસપોર્ટ ધારકને કોઈ અવરોધ કે મુશ્કેલી વિના પસાર થવા દો અને તેને એ પ્રકારની તમામ સહાય અને સુરક્ષા પ્રદાન કરો કે જે જરૂરી છે."

(4) ઓસ્ટ્રેલિયા, કેનેડા અને ન્યૂઝીલેન્ડના પાસપોર્ટમાં પણ આવું લખેલું હોય છે. વિવિધ સમારંભોમાં પણ સંબોધનનો શબ્દ 'ધ ક્વીન' ને સ્થાને 'ધ કિંગ' થઈ જશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | |
|---|---|---|
| 1. | 7 મે, 2023ના રોજ 'સીમા સડક સંગઠન' (Border Roads Organization-BRO)ના કેટલામાં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી છે ?<br>(A) 63માં (B) 64માં (C) 77માં (D) 81માં | (B) |
| 2. | ભારતમાં Border Roads Organization (BRO)ની સ્થાપના ક્યારે કરવામાં આવી હતી ?<br>(A) 7 મે, 1950 (B) 7 મે, 1960 (C) 7 મે, 1970 (D) 7 મે, 1980 | (B) |
| 3. | તાજેતરમાં મૈતેઈ સમુદાય દ્વારા અનુસૂચિત જનજાતિ દરજ્જાની માંગ ચર્ચામાં હતી. તે કયા રાજ્ય સાથે સંબંધિત છે ?<br>(A) મણિપુર (B) અરૂણાચલ પ્રદેશ<br>(C) સિક્કિમ (D) ત્રિપુરા | (A) |
| 4. | તાજેતરમાં ચર્ચામાં રહેલ 'મૈતેઈ (Meitei) સમુદાય' વિશે નીચે આપેલ વિધાન પર વિચાર કરો અને સાચો વિકલ્પ પસંદ કરો ?<br>1. મૈતેઈ લોકોને મણિપુરી લોકો પણ કેહવામાં આવે છે.<br>2. મૈતેઈ મણિપુરનો પ્રભાવી સમુદાય છે, જે મુખ્યત્વે ઈમ્ફાલ પ્રદેશમાં જોવા મળે છે.<br>3. તેમની પ્રાથમિક ભાષા 'Dogri' છે.<br>યોગ્ય વિકલ્પ પસંદ કરો<br>(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 | (A) |
| 5. | તાજેતરમાં બ્રિટનના કિંગ ચાર્લ્સ તૃતીયનો રાજ્યાભિષેક કયાં થયો હતો ?<br>(A) વેસ્ટમિન્સ્ટર એબી (B) ક્લેરેન્સ હાઉસ<br>(C) કેન્સિંગ્ટન પેલેસ લંડન (D) કેમ્બ્રિજ હાઉસ | (A) |
| 6. | નીચેના વિધાન પર વિચાર કરો અને સાચો વિકલ્પ પસંદ કરો ?<br>1. કિંગ્સ ચાર્લ્સ III એ એલિઝાબેથ II અને પ્રિન્સ ફિલિપના પુત્ર છે.<br>2. બ્રિટનમાં સમ્રાટની પત્નિ અથવા મહારાણીના પતિને 'કોન્સર્ટ' તરીકે ઓળખવામાં આવે છે.<br>યોગ્ય વિકલ્પ પસંદ કરો<br>(A) ફક્ત 1 (B) 1 અને 2 બંને સાચા<br>(C) ફક્ત 2 (D) 1 અને 2 બંને ખોટા | (B) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 08 મે, (1) વિશ્વ રેડ ક્રોસ દિવસ (World Red Cross Day)
## (2) વિશ્વ થેલેસેમિયા દિવસ

### વિશ્વ રેડ ક્રોસ દિવસ




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 8 મે ના રોજ 'વિશ્વ રેડ ક્રોસ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- વિશ્વ રેડ ક્રોસ દિવસને 'ક્રીસેંટ ડે' (Red Crescent Day) તરીકે પણ ઓળખવામાં આવે છે.
- આ દિવસ રેડ ક્રોસ અને ઈન્ટરનેશનલ કમિટી ઓફ ધ રેડ ક્રોસ (ICRC)ના સ્થાપક શ્રી જીન હેનરી ડ્યૂનાન્ટની જન્મજંયતિની યાદમાં ઉજવવામાં આવે છે.
- 8 મે, 1948 ના રોજ 'વિશ્વ રેડ ક્રોસ દિવસ'ની ઉજવણી માટેનો ઠરાવ અપનાવવામાં આવ્યો હતો.
- આથી, પ્રથમ 'વિશ્વ રેડ ક્રોસ દિવસ'ની ઉજવણી વર્ષ 1948માં કરવામાં આવી હતી.
- આ દિવસ સામાન્ય જનતાને માનવતાવાદી સહાય પૂરી પાડવાના કાર્યમાં રોકાયેલ વિશ્વની મહત્વપૂર્ણ એજન્સી (રેડ ક્રોસ) અને સમાજમાં તેના યોગદાનને જાણવાની તક પૂરી પાડે છે.

નોંધઃ (1) શ્રી જીન હેનરી ડ્યૂનાટનો જન્મ 8 મે, 1828 ના રોજ સ્વિત્ઝર્લેન્ડના જિનીવા ખાતે થયો હતો.

(2) વર્ષ 1901માં તેમને માનવ સેવાના કાર્ય બદલ નોબેલ પુરસ્કાર એનાયત થયો હતો.

(3) 'ઈન્ટરનેશનલ કમિટી ઓફ ધ રેડ ક્રોસ' (ICRC)ની સ્થાપના શ્રી જીન હેનરી ડ્યૂનાટ દ્વારા વર્ષ 1863માં કરવામાં આવી હતી તથા તેનું મુખ્યમથક સ્વિત્ઝર્લેન્ડના જિનીવા ખાતે આવેલું છે.

(4) ભારતીય રેડ ક્રોસ સોસાયટીની રચના ભારતમાં વર્ષ 1920માં કરવામાં આવી હતી.

### વિશ્વ થેલેસેમિયા દિવસ

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 8 મે ના રોજ 'વિશ્વ થેલેસેમિયા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ થેલેસેમિયા જેવી ગંભીર આનુવંશિક વિકૃતિઓ અને તેનાથી પીડિત દર્દીઓના સંઘર્ષ વિશે જાગૃતિ લાવવાનો છે.
- આ ઉપરાંત આ દિવસ પીડિતોના જીવનને સુધારવા માટે સમર્પિત ડોક્ટરો અને અન્ય તબીબી કર્મચારીઓ અને આ રોગને નાબૂદ કરવા માટે કામ કરી રહેલા વૈજ્ઞાનિકોનું પણ સન્માન કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## થેલેસેમિયા શું છે ?

થેલેસેમિયા એ આનુવંશિક રક્ત વિકાર છે એટલે કે વારસાગત રોગ છે.

- તે સતત લોહીના વિકારને લીધે દર્દીની લાલ રક્ત કોશિકાઓ (RBCs) પૂરતા પ્રમાણમાં હિમોગ્લોબિન ઉત્પન્ન કરતી નથી, જે એનિમિયા તરફ દોરી શકે છે અને દર્દીઓને જીવિત રહેવા માટે દર બે થી ત્રણ અઠવાડિયામાં બ્લડ ચઢાવવાની જરૂર પડે છે.
- રોગની તીવ્રતા જનીનો અને તેમની ક્રિયાપ્રતિક્રિયાઓમાં સામેલ પરિવર્તનો પર આધારિત છે.
- થેલેસેમિયાના બે મુખ્ય પ્રકાર છે. (1) આલ્ફા થેલેસેમિયા અને (2) બીટા થેલેસેમિયા.

# રશિયાએ વિશ્વનું સૌથી મોટું બોમ્બર TU-160 તૈનાત કર્યુ



તાજેતરમાં રશિયાએ વિશ્વનું સૌથી મોટું બોમ્બર TU-160ને તૈનાત કર્યુ છે.

- નોંધનીય છે કે રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ દરમિયાન બોમ્બર TU-160ને તૈનાત કરવામાં આવ્યું છે.
- અગાઉ ભારતે પણ TU-160 બોમ્બર ખરીદવામાં રસ દાખવ્યો હતો.

## TU-160 બોમ્બર શું છે ?

TU-160ને નાટો દેશોમાં 'બ્લેકજેક' (Blackjack) તરીકે ઓળખવામાં આવે છે.

- TU-160 1980ના દાયકામાં રશિયાના ટુપોલેવ ડિઝાઈન બ્યુરો દ્વારા વિકસિત સુપરસોનિક, વેરિયેબલ–સ્વીપ વિંગ, વ્યૂહાત્મક બોમ્બર છે.
- તે અત્યાર સુધીના સૌથી મોટા અને ભારે લશ્કરી વિમાનોમાંનું એક છે અને તેના પ્રભાવશાળી કદને કારણે 'વ્હાઈટ સ્વાન' (સફેદ હંસ) ઉપનામ મળ્યું છે.
- TU-160 બોમ્બરને આફટરબર્નર સાથે ચાર ટર્બોફન એન્જિનો દ્વારા ચલાવવામાં આવે છે.
- તેની રેન્જ 12000 કિ.મી.થી વધુની છે.
- અને તે ઈન–ફલાઈટ રિફ્યુઅલિંગ સિસ્ટમથી સજ્જ છે, જેનાથી તે લાંબા સમય સુધી હવામાં રહી શકે છે.
- આ બોમ્બર એરક્રાફ્ટ પરમાણુ અને પરંપરાગત બોમ્બ અથવા વોરહેડ્સ, ક્રૂઝ મિસાઈલ અને એન્ટી શિપ મિસાઈલ જેવા વિવિધ પ્રકારના હથિયાર લઈ જવાની ક્ષમતા ધરાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- બોમ્બર તેના શસ્ત્રોને તેની આંતરિક બોમ્બ ખાડી અથવા બાહ્ય તોરણમાં લઈ જઈ શકે છે, જેની મહત્તમ પેલોડ ક્ષમતા 40,000 કિગ્રા સુધી છે.
- TU-160 બોમ્બર અદ્યત્તન એવિઓનિક્સ સ્યૂટથી સજ્જ છે, જેમાં ડિઝિટલ ફલાય–બાય–વાયર કંટ્રોલ સિસ્ટમ, અદ્યત્તન કમ્યુનિકેશન અને નેવિગેશન સિસ્ટમ તથા અત્યાધુનિક લક્ષ્યીકરણ સિસ્ટમનો સમાવેશ થાય છે.
- તેમાં પાઈલટ, કો–પાઈલટ, નેવિગેટર અને વેપન્સ ઓફિસર સહિત ચાર જણનો ક્રૂ છે.

**નોંધ :** (1) રશિયન એરફોર્સ 1987થી TU-160 બોમ્બર એરક્રાફટનો ઉપયોગ કરી રહી છે અને બોમ્બરે તેની ક્ષમતાઓને વધારવા અને તેનું આયુષ્ય વધારવા માટે વર્ષોથી ઘણા અપગ્રેડ કર્યા છે.

(2) TU-160 એ તાજેતરના સમયમાં ખાસ કરીને સીરિયામાં રશિયાની સૈન્ય કાર્યવાહીમાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહી છે.

(3) ગયા વર્ષે ભારતીય એર માર્શલ શ્રી અનુપ રાહાએ વ્યૂહાત્મક દળોને મજબૂત કરવા માટે રશિયા પાસેથી ઓછામાં ઓછા છ TU-160 બોમ્બર ખરીદવામાં ભારતની રુચિ જાહેર કરી હતી.

## બોમ્બર્સ શું છે ?

TU-160 એ રશિયામાં બનાવેલ વ્યૂહાત્મક બોમ્બર છે. વાસ્તવમાં બોમ્બર બે પ્રકારના હોય છે – સ્ટ્રેટિજિક અને ટેક્ટિકલ બોમ્બર.

- બોમ્બર્સ ફાઈટર પ્લેન છે જેનો ઉપયોગ જમીન અને નૌકાદળના લક્ષ્યોને નિશાન બનાવવા માટે હવાથી સપાટી પર બોમ્બ ફેંકવા અથવા હવાથી હવામાં ક્રૂઝ મિસાઈલો છોડવા માટે થાય છે.

## ટેક્ટિકલ બોમ્બર્સ

- ટેક્ટિકલ બોમ્બર્સનો ઉપયોગ સામાન્ય રીતે યુદ્ધ દરમિયાન તેમની જમીન પર દુશ્મનના સ્થાનો અથવા લશ્કરી શસ્ત્રોને નિશાન બનાવવા માટે થાય છે.
- આ બોમ્બરનો ઉપયોગ યુદ્ધ દરમિયાન તેના ગ્રાઉન્ડ ફોર્સને તેની આસપાસના નજીકના લક્ષ્યોને નિશાન બનાવવામાં મદદ કરવા માટે કરવામાં આવે છે.
- 1911-1912ના ઈટાલિયન–તુર્કી યુદ્ધ દરમિયાન ટેક્ટિકલ બોમ્બિંગ અથવા એર–ટુ–ગ્રાઉન્ડ બોમ્બિંગનો સૌપ્રથમ ઉપયોગ કરવામાં આવ્યો હતો.
- ત્યારબાદ પ્રથમ વિશ્વ યુદ્ધ દરમિયાન 1915માં ન્યુ ચેપેલની લડાઈમાં બ્રિટિશ રોયલ ફલાઈંગ કોર્પ્સે જર્મન રેલ સંચાર પર બોમ્બમારો કરવા માટે ટેક્ટિકલ બોમ્બર્સનો ઉપયોગ કર્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જર્મન, બ્રિટિશ, અમેરિકન અને જાપાનીઝ દળો દ્વારા પણ બોમ્બરોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## સ્ટ્રેટેજિક અથવા વ્યૂહાત્મક બોમ્બર્સ

- વ્યૂહાત્મક અથવા સ્ટ્રેટિજિક બોમ્બર્સ એ મધ્યમ અથવા લાંબા અંતરના વિમાનો છે, જેનો ઉપયોગ શહેરો, કારખાનાઓ, લશ્કરી થાણાઓ અને દુશ્મન દેશના લશ્કરી કારખાનાઓને નિશાન બનાવવા માટે થાય છે.
- વ્યૂહાત્મક બોમ્બર્સ એવા ફાઈટર પ્લેન છે જે દુશ્મનના ઘર પર હુમલો કરવા અને પાછા ફરવા માટે હજારો કિલોમીટરની મુસાફરી કરે છે.
- આ બોમ્બર્સ દ્વારા દુશ્મનના ટાર્ગેટ પર ક્રૂઝ મિસાઈલ તેમજ પરમાણુ હથિયારોથી હુમલો કરી શકાય છે.
- વ્યૂહાત્મક બોમ્બરની શ્રેણી અને ક્ષમતા ટેક્ટિકલ બોમ્બર કરતા ઘણી વધારે છે.
- વ્યૂહાત્મક બોમ્બરનો ઉપયોગ પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન 6 ઓગસ્ટ, 1914ના રોજ જર્મની દ્વારા બેલ્જિયન શહેર લીજ પર બોમ્બ ફેંકવા માટે કરવામાં આવ્યો હતો.
- 1939 થી 1945ના બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન જર્મનીએ પોલેન્ડ, બ્રિટન અને સોવિયત યુનિયનના શહેરો પર હુમલો કરવા માટે વ્યૂહાત્મક બોમ્બરોનો ઉપયોગ કર્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## INS મગર 36 વર્ષની સેવા બાદ નિવૃત્ત

તાજેતરમાં ભારતીય નૌકાદળનું જહાજ INS મગરને 36 વર્ષની સેવા બાદ નિવૃત્ત કરવામાં આવ્યું હતું.

- INS મગર ભારતીય નૌકાદળના મગર–વર્ગના ઉભયજીવી યુદ્ધ જહાજોમાંનું મુખ્ય જહાજ છે.
- કોચીમાં નેવલ બેઝ ખાતે ડિકમિશનિંગ સમારોહ યોજાયો હતો.
- જ્યાં વાઈસ એડમિરલ એમ એ હમ્પીહોલી, ફ્લેગ ઓફિસર કમાન્ડિંગ–ઈન–ચીફ, સધર્ન નેવલ કમાન્ડે આ કાર્યક્રમની અધ્યક્ષતા કરી હતી.

### INS મગર



INS મગરને 18 જુલાઈ, 1987ના રોજ ગાર્ડન રીચ શિપયાર્ડ એન્ડ એન્જિનિયર્સ લિમિટેડ, કોલકતા ખાતે કાર્યરત કરવામાં આવ્યું હતું.

- આ જહાજને 5500 થી વધુ ગ્રોસ રજિસ્ટર્ડ ટનેજ (GRT) સાથે ભારતીય નૌકાદળનું પ્રથમ સ્વદેશી જહાજ હોવાનું ગૌરવ પ્રાપ્ત થાય છે.

- છેલ્લા 36 વર્ષોમાં નૌકાદળનું કઠોર વર્કહોર્સ સાબિત થયેલા આ જહાજે અસંખ્ય કામગીરી, અભ્યાસો અને માનવતાવાદી મિશનમાં ભાગ લીધો હતો.
- INS મગર 1987માં ઓપરેશન પવન સહિત અનેક મહત્વપૂર્ણ કામગીરીમાં સામેલ હતું, જ્યાં તેણે લિબરેશન ટાઈગર્સ ઓફ તમિલ એલમ (LTTE) સામે લડાઈના પ્રયાસમાં મદદ કરવા માટે શ્રીલંકાના દ્વીપકલ્પમાં સૈન્યના સૈનિકો અને ટેન્કોને ખસેડવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી.
- તેમણે 2004માં હિંદ મહાસાગર સુનામી દરમિયાન રાહત પ્રયત્નોમાં મદદ કરવામાં અને આપત્તિગ્રસ્ત આંદામાન અને નિકોબાર ટાપુઓમાંથી 1300થી વધુ લોકોને બહાર કાઢવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.
- કોવિડ-19 મહામારી દરમિયાન INS મગરને 'ઓપરેશન સમુદ્ર સેતુ'ના ભાગરૂપે તૈનાત કરવામાં આવ્યું હતું. અને તેને ભારતીય નાગરિકોને બહાર કાઢવા અને મૈત્રીપૂર્ણ વિદેશી દેશોમાં તબીબી રાહત પૂરી પાડવાનું કામ સોંપવામાં આવ્યું હતું.

## બિનચેપી રોગો માટેના સરકારી કાર્યક્રમનું નવું નામ

તાજેતરમાં 'નેશનલ પ્રોગ્રામ ફોર પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ ઓફ કેન્સર, ડાયાબિટીસ, કાર્ડિયોવેસ્ક્યુલર ડિસીઝ એન્ડ સ્ટ્રોક (NPCDCS)'નું નામ બદલીને 'નેશનલ પ્રોગ્રામ ફોર પ્રિવેન્શન એન્ડ કન્ટ્રોલ ઓફ નોન–કમ્યુનિકેબલ ડિસીઝ (NPCDCS)' કરવામાં આવ્યું છે.

- કેન્દ્ર સરકારે ઘણા નવા રોગો અથવા રોગ જૂથોના ઉદ્દભવ અને નવી આરોગ્ય પહેલના પ્રતિભાવમાં બિન–સંચારી રોગો (NCD)નો સામનો કરવા માટે તેના પ્રોગ્રામને વિસ્તૃત અને પુનઃબ્રાન્ડ કરવાનું નક્કી કર્યું છે.
- એટલે કે નામમાં આ ફેરફાર તમામ પ્રકારના બિનચેપી રોગોનો સમાવેશ કરવા માટે કરવામાં આવ્યો છે.
- કોમ્પ્રીહેન્સિવ પ્રાઈમરી હેલ્થકેર નોન–કમ્યુનિકેબલ ડિસીઝ (CPHC NCD IT) નામની એપ્લિકેશન અથવા સોફ્ટવેરનું નામ 'નેશનલ NCD પોર્ટલ' રાખવામાં આવશે.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે 3 મે, 2023ના રોજ રાજ્યને પત્ર દ્વારા આ નિર્ણયની જાણ કરી હતી અને તેમને ફેરફારોનું પાલન કરવા કહ્યું હતું.

## NPCDCS / NP - NCD શું છે ?

NPCDCS સમગ્ર દેશમાં 'રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન' (NHM) હેઠળ અમલમાં છે.

- તે 2010માં ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવા, માનવ સંસાધન વિકાસ, આરોગ્ય પ્રમોશન, પ્રારંભિક નિદાન, સંચાલન અને રેફરલ પર ધ્યાન કેન્દ્રિત કરીને શરૂ કરવામાં આવ્યું હતું.
- NPCDCS હેઠળ પ્રોગ્રામ મેનેજમેન્ટ માટે રાષ્ટ્રીય, રાજ્ય અને જિલ્લા સ્તરે NCD સેલની સ્થાપના કરવામાં આવી રહી છે.
- અને NCD ક્લિનિક્સ જિલ્લા અને સામુદાયિક આરોગ્ય કેન્દ્રો (CHC) સ્તરે સ્થાપિત કરવામાં આવી રહ્યા છે, જેથી વહેલા નિદાન, સારવાર અને ફોલોઅપ માટે સેવાઓ પૂરી પાડી શકાય.
- આ કાર્યક્રમ અન્ય સ્વાસ્થ્ય પહેલ જેમ કે આયુષ્માન ભારત અને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન સાથે પણ સંકલિત થશે.

નોંધ : (1) બિન–ચેપી રોગો (NCD)ને ક્રોનિક રોગો તરીકે પણ ઓળખવામાં આવે છે, જે ચેપી એજન્ટો દ્વારા થતા નથી અને તે વ્યક્તિ થી વ્યક્તિમાં સંક્રમિત થતા નથી.


(2) NCD લાંબા સમય સુધી ચાલે છે અને ધીમે ધીમે પ્રગતિ કરે છે, સામાન્ય રીતે લક્ષણો પ્રગટ થવામાં વર્ષો લાગે છે.

(3) NCDના ઉદાહરણોમાં કાર્ડિયોવેસ્ક્યુલર રોગો, કેન્સર, ક્રોનિક શ્વસન રોગો અને ડાયાબિટીસનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## આરબ લીગ (Arab League)

તાજેતરમાં આરબ લીગ (Arab League)એ એક દાયકાથી વધુ સમયના સસ્પેશન પછી સીરિયાને સંગઠનમાં ફરીથી પ્રવેશ આપ્યો છે.



- 2011માં રાષ્ટ્રપતિ બશર અલ–અસદના લોકશાહી તરફી વિરોધ પર ક્રૂર ક્રેકડાઉનને પગલે સીરિયાને આરબ લીગમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું, જેના કારણે ગૃહ યુદ્ધ થયું હતું.
- આ સંઘર્ષથી ઘણા બધા લોકો મૃત્યુ પામ્યા હતા અને હજારો લોકો વિસ્થાપિત થયા છે.
- આરબ લીગે સીરિયા પર લશ્કરી દળોને પાછા ખેંચવા, રાજકીય કેદીઓને મુક્ત કરવા અને વિપક્ષી જૂથો સાથે સંવાદ શરૂ કરવા માટેની શાંતિ યોજનાનું પાલન ન કરવાનો આરોપ મુક્યો હતો.

## આરબ લીગ વિશે

આરબ લીગ જેને લીગ ઓફ આરબ સ્ટેટ્સ (LAS) પણ કહેવામાં આવે છે.

- જે મધ્યપૂર્વ અને ઉત્તરી આફ્રિકાના તમામ આરબ દેશોનું એક આંતરસરકારી સમગ્ર–આરબ સંગઠન (Pan-Aarab Organization) છે.
- 1944માં એલેક્ઝાન્ડ્રિયા પ્રોટોકલ અપનાવ્યા બાદ 22મી માર્ચ 1945ના રોજ ઈજિપ્તના કાહિરા (અથવા કૈરો)માં તેની સ્થાપના કરવામાં આવી હતી.
- આરબ લીગમાં હાલમાં 22 આરબ દેશો છે જે નીચે મુજબ છે :

  અલ્જેરિયા, બહેરીન, કોમોરોસ, જિબૂતી, ઈજિપ્ત, ઈરાક, જોર્ડન, કુવૈત, લેબનાન, લીબિયા, મોરિટાનિયા, મોરક્કો, ઓમાન, પેલેસ્ટાઈન, કતાર, સાઉદી અરેબિયા, સોમાલિયા, સુદાન, સીરિયા, ટ્યૂનિશિયા, સંયુક્ત આરબ અમિરાત અને યમન.
- તેનો ઉદ્દેશ્ય તેના સભ્યોના રાજકીય, સાંસ્કૃતિક, આર્થિક અને સામાજિક કાર્યક્રમોને મજબૂત અને સંકલન કરવાનો છે અને તેમની વચ્ચે અથવા તેમના અને ત્રીજા પક્ષકારો વચ્ચેના વિવાદોમાં મધ્યસ્થી કરવાનો છે.




1. 'વિશ્વ રેડ ક્રોસ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 6 મે (B) 7 મે (C) 8 મે (D) 9 મે **(C)**

2. 'વિશ્વ થેલેસેમિયા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 6 મે (B) 7 મે (C) 8 મે (D) 9 મે **(C)**

3. તાજેતરમાં કયા દેશે વિશ્વનું સૌથી મોટું બોમ્બર TU-160ને તૈનાત કર્યુ છે ?

(A) રશિયા (B) યુક્રેન (C) ચીન (D) જાપાન **(A)**

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'TU-160 બોમ્બર' વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. TU-160 એ 1980ના દાયકામાં રશિયામાં વિકસિત એક વ્યૂહાત્મક બોમ્બર એરક્રાફ્ટ છે.
2. તેને નાટો દેશોમાં 'બ્લેકજેક' (BlackJack) તરીકે ઓળખવામાં આવે છે.
3. TU-160 બોમ્બરને આફટરબર્નર સાથે ચાર ટર્બોફન એન્જિનો દ્વારા ચલાવવામાં આવે છે અને તેની રેન્જ 12000 કિ.મી.થી વધુની છે.
4. વર્ષ 2019માં થયેલા એક કરાર મુજબ ભારત 17 TU-160 બોમ્બર એરક્રાફ્ટ ખરીદશે. જેમાંથી પ્રથમ તબક્કામાં જૂન 2021માં ભારતને 3 બોમ્બર એરક્રાફ્ટ આપ્યા હતા.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 1, 2 અને 3 (C) ફક્ત 2, 3 અને 4 (D) ફક્ત 1 અને 2 **(B)**

5. INS મગરના સંદર્ભમાં નીચેનામાંથી કયું નિવેદન સાચું છે ?

1. INS મગર ભારતીય નૌકાદળના મગર–વર્ગના ઉભયજીવી યુદ્ધ જહાજોમાંનું મુખ્ય જહાજ છે.
2. INS મગર ચેન્નાઈમાં સ્થિત ભારતીય નૌકાદળનું તાલીમ કેન્દ્ર છે.
3. INS મગર તાજેતરમાં 36 વર્ષની સેવા બાદ ભારતીય નૌકાદળમાંથી નિવૃત્ત થયું હતું.
4. INS મગરને વર્ષ 2023નો 'પ્રેસિડન્ટ કલર' એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 4 (C) ફક્ત 1 (D) ફક્ત 2 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બુલંદ ભારત અભ્યાસ (Buland Bharat Exercise)

ભારતીય સેનાએ તાજેતરમાં અરુણાચલ પ્રદેશમાં ઈસ્ટર્ન થિયેટરની ઉચ્ચ ઊંચાઈની રેન્જમાં ડિવિઝન–સ્તરની સંકલિત કવાયત હાથ ધરી હતી.

- જેનું કોડનેમ 'બુલંદ ભારત અભ્યાસ' અથવા 'Buland bharat Exercise' હતું.
- આ કવાયતમાં આર્ટિલરી અને પાયદળનું નિરીક્ષણ અને ફાયરપાવર ક્ષમતાઓના સંકલિત ઉપયોગનું મૂલ્યાંકન સામેલ છે.
- આ કવાયત દરમિયાન ભારતીય સેનાએ લાંબા અંતર સુધી અવિરત સંદેશાવ્યવહારનું પણ પરીક્ષણ કર્યુ હતું.
- આ ઉપરાંત કવાયતમાં યોગદાન આપવા માટે અરૂણાચલ પ્રદેશના પશ્ચિમ કામેંગ અને તવાંગ જિલ્લામાં વિશેષ દળો, ઉડ્ડયન અને કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળોને તૈનાત કરવામાં આવ્યા હતા.
- કવાયત દરમિયાન પાયદળ અને આર્ટિલરી રડાર, શસ્ત્ર પ્રણાલી અને ફાયરપાવરનું રિહર્સલ કરવામાં આવ્યું હતું.
- આ પ્રશિક્ષણ કવાયત અરૂણાચલ પ્રદેશમાં તાજેતરમાં કાર્યરત સૌથી લાંબી હાઈ એલ્ટિટ્યૂડ આર્ટિલરી રેન્જમાં કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાજસ્થાનમાં લિથિયમ ભંડારની શોધ થઈ



ભારતે તાજેતરમાં રાજસ્થાનના દેગાના અથવા ડેગાના (નાગૌર) ખાતે લિથિયમ ભંડાર (Lithium Reserve)ની શોધ કરી છે.

- જે દેશના ચોખ્ખા શૂન્ય ઉત્સર્જન લક્ષ્યને હાંસલ કરવા માટેનું બીજું પગલું છે.
- થોડા સમય પહેલા જમ્મુ અને કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશમાં 5.9 મિલિયન ટન લિથિયમ ભંડાર મળ્યા બાદ ભારતમાં શોધાયેલો આ બીજો લિથિયમ ભંડાર છે.
- લિથિયમ સફેદ સોનુ તરીકે ઓળખાય છે, ખાસ કરીને ઈલેક્ટ્રિક વાહન ઉદ્યોગ માટે અત્યંત માંગવાળી ધાતુ બની ગઈ છે.
- નોંધનીય છે કે ભારતીય ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણ (ASI)એ રાજસ્થાનમાં લિથિયમ ભંડારની શોધની પૃષ્ટિ કરી છે, જોકે અનામતની સંભવિતતા જાહેર કરવામાં આવી નથી.

- આ ભંડાર જમ્મુ અને કાશ્મીરમાં શોધાયેલા 5.9 મિલિયન ટન લિથિયમ ભંડાર કરતા મોટો હોવાનું માનવામાં આવે છે.
- ઈલેક્ટ્રિકલ વ્હીકલની વધતી જતી માંગ સાથે લિથિયમ પ્રાથમિકતા ધરાવતી ધાતુ બની ગઈ છે.
- લિથિયમ ભંડારની શોધથી ભારત આત્મનિર્ભર બની શકશે, તેની ઉર્જા સુરક્ષામાં સુધારો કરશે અને તેનું આયાત બિલ અને વેપાર ખાદ્ય ઘટાડી શકશે.

## લિથિયમ

લિથિયમ એ એક નરમ, ચળકતી–સફેદ ધાતુ છે.

- તે રાસાયણિક તત્વોના આલ્કલી ધાતુઓની શ્રેણીમાં આવે છે.
- તેની રાસાયણિક સંજ્ઞા Li અને તેનો અણુ ક્રમાંક 3 છે.
- લિથિયમ એ સૌથી હલકી ધાતુ છે અને પ્રકૃતિમાં સૌથી ઓછી ઘનતા ધરાવતો પદાર્થ છે.
- રિચાર્જેબલ બેટરીમાં લિથિયમનો વારંવાર ઉપયોગ થાય છે. આથી આવી બેટરીની ઊંચી માંગને કારણે ક્યારેક 'વ્હાઈટ ગોલ્ડ' તરીકે પણ ઓળખાય છે.
- લિથિયમ ઈલેક્ટ્રિક વાહનો, સ્માર્ટ ફોન, લેપટોપ, ડિજિટલ કેમેરા અને અન્ય દરેક ઈલેક્ટ્રોનિક ઘટકોમાં જરૂરી છે, જે વીજળીનો મુખ્ય સંગ્રહ બ્લોક છે.
- તેનો ઉપયોગ થર્મોન્યુક્લિયર પ્રતિક્રિયાઓમાં પણ થાય છે.
- આ ઉપરાંત તેનો ઉપયોગ એલ્યુમિનિયમ અને મેગ્નેશિયમ સાથે મિશ્ર ધાતુ બનાવવા તેમની ક્ષમતામાં સુધારો કરવા અને તેમને હળવું બનાવવા માટે થાય છે.
- મેગ્નેશિયમ–લિથિયમ મિશ્ર ધાતુનો ઉપયોગ કવચ (Armor) બનાવવા માટે થાય છે.
- એલ્યુમિનિયમ–લિથિયમ મિશ્રધાતુનો ઉપયોગ એરક્રાફ્ટ, હાઈપાવર સાઈકલ અને હાઈ–સ્પીડ ટ્રેનની ફ્રેમમાં થાય છે.

## વિશ્વમાં લિથિયમનો ભંડાર

મોટાભાગના લિથિયમ અનામતો દક્ષિણ અમેરિકામાં કેન્દ્રિત છે, ખાસ કરીને આર્જેન્ટિના, ચિલી અને બોલિવિયા જેવા દેશોમાં.

- આ ત્રણ દેશોને 'લિથિયમ ત્રિકોણ' (Lithium Triangle) કહેવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતમાં લિથિયમ ભંડાર

પ્રારંભિક સર્વેક્ષણમાં દક્ષિણ કર્ણાટકના માંડ્યા જિલ્લામાં સર્વેક્ષણ કરાયેલ જમીનના નાના ભાગમાં 14,100 ટનનો અંદાજિત લિથિયમ ભંડાર હોવાનું સામે આવ્યું હતું.

- આ ઉપરાંત રાજસ્થાન, બિહાર, આંધ્રપ્રદેશમાં મીકા બેલ્ટ, ઓડિશા અને છત્તીસગઢમાં પેગ્મેટાઈટ પટ્ટો તથા ગુજરાતમાં કચ્છના રણ જેવા વિસ્તારમાં લિથિયમનો ભંડાર હોવાનો અંદાજ છે.

## લિથિયમની શોધનું મહત્ત્વ

ભારતે 2070 સુધીમાં તેના ઉત્સર્જનને નેટ શૂન્ય સુધી ઘટાડવાનું વચન આપ્યું છે.

- જેના માટે ઈલેક્ટ્રિક વાહન (EV) બેટરીમાં મુખ્ય ઘટક તરીકે લિથિયમની ઉપલબ્ધતા જરૂરી છે.
- સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ અંદાજ લગાવ્યો છે કે વર્ષ 2030 સુધીમાં દેશને 27 GW ગ્રીડ–સ્કેલ બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમની જરૂર પડશે, જેમાં મોટા પ્રમાણમાં લિથિયમની જરૂર પડશે.
- ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી (IEA)નો અંદાજ છે કે વર્ષ 2025 સુધીમાં વિશ્વ લિથિયમની અછતનો સામનો કરી શકે છે.
- આથી તાજેતરમાં થયેલી જમ્મુ–કાશ્મીર અને રાજસ્થાનમાં લિથિયમના ભંડારની શોધ ભારત માટે અત્યંત મહત્વપૂર્ણ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## જીઓલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા (GSI)

હાલમાં GSI એ ખાણ મંત્રાલયની સંલગ્ન કચેરી છે.

- તેની સ્થાપના વર્ષ 1851માં મુખ્યત્વે રેલવે માટે કોલસાના ભંડાર શોધવા માટે કરવામાં આવી હતી.
- સમય જતા તે ભૂ–વિજ્ઞાન માહિતીના ભંડાર તરીકે વિકસિત થયું છે. અને આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા ધરાવતા ભૂ–વૈજ્ઞાનિક સંગઠનનો દરજ્જો પણ પ્રાપ્ત કર્યો છે.
- તેનું મુખ્ય મથક કોલકાતામાં છે અને તેની છ પ્રાદેશિક કચેરીઓ લખનૌ, જયપુર, નાગપુર, હૈદરાબાદ, શિલોંગ, કોલકાતા ખાતે આવેલી છે. દરેક રાજ્યમાં રાજ્ય એકમ હોય છે.

## COP28નું આયોજન દુબઈમાં થશે




યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન ઓન ક્લાઈમેટ ચેન્જ (COP28)ના પક્ષકારોની આગામી 28મી કોન્ફરન્સ આરોગ્ય સમસ્યાઓનું વિગતવાર મૂલ્યાંકન કરશે.

- COP28 નવેમ્બર 2023માં દુબઈમાં યોજાશે.
- તે એક દિવસ સ્વાસ્થ્ય માટે સમર્પિત કરશે જે ઊંડાણપૂર્વક સ્વાસ્થ્ય સમસ્યાઓ પર ધ્યાન કેન્દ્રિત કરનાર પ્રથમ COP બનશે.
- આ કોન્ફરન્સમાં આરોગ્ય અને આબોહવા મંત્રી પણ હોસ્ટ કરે તેવી અપેક્ષા છે.
- આ નિર્ણય જાહેર આરોગ્ય પર હવામાન પરિવર્તનની અસરને પ્રકાશિત કરતી વર્ષોની ચર્ચાઓ પછી આવ્યો છે.
- COP28 અપેક્ષિત વિશ્વ આરોગ્ય દિવસ, આબોહવાની ક્રિયામાં સમાન વધારાને પ્રોત્સાહિત કરશે તથા લોકો સમૃદ્ધ થઈ શકે તેવા ભવિષ્યની સ્થાપનાની બાહેધરી આપશે.

## મેઘાલયમાં Dawki Land Portનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું



કેન્દ્રીય મંત્રી શ્રી નિત્યાનંદ રાયે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે વેપાર અને વાણિજ્ય સુધારવા માટે મેઘાલયના પશ્ચિમ જયંતિયા હિલ્સ જિલ્લામાં 'ડોકી લેન્ડ પોર્ટ' અથવા 'ડાવકી લેન્ડ પોર્ટ' (Dawki Land Port)નું ઉદ્ઘાટન કર્યું છે.

- ડોકી લેન્ડ પોર્ટ મેઘાલયમાં પશ્ચિમ જયંતિયા હિલ્સમાં સ્થિત છે.
- જે જિલ્લાના મુખ્ય મથક જોવાઈથી લગભગ 55 કિ.મી. અને રાજ્યની રાજધાની શિલોંગથી લગભગ 84 કિ.મી. દૂર છે.
- નોંધનીય છે કે તામાબિલ એ બાંગ્લાદેશમાં સ્થિત મેચિંગ લેન્ડ પોર્ટ છે.
- આ પોર્ટ ભારત અને બાંગ્લાદેશ વચ્ચે આર્થિક અને પરિવહન હબ તરીકે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે, જે માલસામાન, લોકો અને વાહનોના ક્રોસ બોર્ડર પરિવહનની સુવિધા આપશે.
- આ લેન્ડ પોર્ટ પ્રવાસન અને આર્થિક ક્ષેત્રોને પ્રોત્સાહન આપશે તેવી અપેક્ષા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**1.** ભારતીય સેનાએ તાજેતરમાં કયા રાજ્યમાં 'બુલંદ ભારત અભ્યાસ' (Buland Bharat Exercise)નું આયોજન કર્યું હતું ?

(A) અરૂણાચલ પ્રદેશ (B) મેઘાલય (C) રાજસ્થાન (D) ગોવા — **(A)**

**2.** તાજેતરમાં ભારતના કયા રાજ્યના દેગાના અથવા ડેગાના ખાતે લિથિયમ ભંડાર (Lithium Reserve)ની શોધ થઈ છે ?

(A) બિહાર (B) મહારાષ્ટ્ર (C) રાજસ્થાન (D) કર્ણાટક — **(C)**

**3.** નીચેનામાંથી કયા ત્રણ દેશોને 'લિથિયમ ત્રિકોણ' (Lithium Triangle) કહેવામાં આવે છે ?

(A) આર્જેન્ટિના, ચિલી, બોલિવિયા
(B) રવાન્ડા, યુગાન્ડા, નાઈઝર
(C) સેનેગલ, નામિબિયા, બોત્સાવના
(D) લાઈબેરિયા, ઝિમ્બાબ્વે, આલ્જેરિયા — **(A)**

**4.** નવેમ્બર 2023માં COP28નું આયોજન ક્યાં થશે ?

(A) ન્યૂયોર્ક (B) બાલી (C) દુબઈ (D) કોલંબો — **(C)**

**5.** તાજેતરમાં કયા રાજ્યમાં 'Dawki Land Port'નું ઉદઘાટન કરવામાં આવ્યું છે ?

(A) ત્રિપુરા (B) મેઘાલય (C) નાગાલેન્ડ (D) મણિપુર — **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## ચંદીગઢમાં ઈન્ડિયન એરફોર્સ હેરિટેજ સેન્ટરનું ઉદ્દઘાટન




તાજેતરમાં ભારતના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે ચંદીગઢમાં ભારતીય વાયુસેના (IAF) હેરિટેજ સેન્ટરનું ઉદ્દઘાટન કર્યુ છે.

- ઈન્ડિયન એરફોર્સ હેરિટેજ સેન્ટર એ કેન્દ્રશાસિત પ્રદેશ પ્રશાસન અને IAF વચ્ચેનો સંયુક્ત પ્રોજેક્ટ છે.
- જોકે કેન્દ્રશાસિત પ્રદેશ પ્રશાસન કેન્દ્રની જાળવણી કરશે જ્યારે ભારતીય વાયુસેનાએ શસ્ત્રો અને સાધનો પુરા પાડયા છે.
- આ સેન્ટર સેક્ટર 18માં 17,000 ચોરસ ફૂટમાં ફેલાયેલું છે.
- આ કેન્દ્રની સ્થાપના માટે 3 જૂન, 2022ના રોજ એક MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- આ કેન્દ્ર તેના પ્રકારનું પ્રથમ છે અને બાલાકોટ હવાઈ હુમલા અને 1965, 1971 અને કારગીલ યુદ્ધો સહિત વિવિધ યુદ્ધોમાં ભારતીય વાયુસેનાના યોગદાનને દર્શાવે છે.
- એરક્રાફ્ટ મોડલ અને શસ્ત્રોના પ્રદર્શન સહિત આઠ આકર્ષણો સાથે સૌથી મોટું આકર્ષણ ફ્લાઈટ સિમ્યુલેટર છે.
- મુલાકાતીઓને ભારતીય વાયુસેનાના ઈતિહાસ વિશે માહિતગાર કરવા એરો એન્જિન, એરક્રાફ્ટ, કિઓસ્ક અને મશીનો પ્રદર્શનમાં છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ 2023ના વિજેતાઓની યાદી




તાજેતરમાં 'લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ 2023' (Laureus World Sports Award-2023)ના વિજેતાઓની જાહેરાત કરવામાં આવી હતી.

- આ એવોર્ડ વર્ષ 2020 પછી પ્રથમ વખત પેરિસમાં વ્યક્તિગત રીતે આયોજન કરવામાં આવ્યું હતું.
- આ અગાઉ કોવિડ-19 મહામારીના કારણે વર્ષ 2021 અને 2022માં ઓનલાઈન એવોર્ડ પુરસ્કાર વિતરણ કરવામાં આવ્યો હતો.

## લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ, 2023

| ક્રમ | એવોર્ડ | વિજેતા | રમત |
|---|---|---|---|
| 1 | સ્પોર્ટ્સ મેન ઓફ ધ યર | શ્રી લિયોનેલ મેસ્સી (આર્જેન્ટિના) | ફૂટબોલ |
| 2 | સ્પોર્ટ્સ વુમન ઓફ ધ યર | સુશ્રી શેલી–એન ફ્રેઝર–પ્રાઈસ (જમૈકા) | દોડ |
| 3 | વર્લ્ડ ટીમ ઓફ ધ યર | આર્જેન્ટિના પુરુષ ફૂટબોલ ટીમ | ફૂટબોલ |
| 4 | વર્લ્ડ બ્રેકથ્રુ ઓફ ધ યર | શ્રી કાર્લોસ અલ્કારાઝ (સ્પેન) | ટેનિસ |
| 5 | વર્લ્ડ કમ બેક ઓફ ધ યર | શ્રી ક્રિશ્ચિયન એરિક્સન (ડેનમાર્ક) | ફૂટબોલ |
| 6 | વર્લ્ડ એક્શન સ્પોર્ટ્સપર્સન ઓફ ધ યર | સુશ્રી અલીન ગુ (ચીન) | ફ્રી સ્ટાઈલ સ્કીઈંગ |
| 7 | સ્પોર્ટ્સ ફોર ગુડ એવોર્ડ | ટીમ અપ | – |

**નોંધ :** ટીમઅપ (Teamup) એ વૉર ચાઈલ્ડ, સેવ ધ ચિલ્ડ્રન અને યુનિસેફ નેધરલેન્ડ દ્વારા વિકસિત મનો–સામાજિક સહાયક હસ્તક્ષેપ છે જે બાળકોને મુશ્કેલ પરિસ્થિતિઓમાં તણાવ અને ચિંતાને દૂર કરવામાં મદદ કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ

લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડની સ્થાપના વર્ષ 1999માં લોરિયસ સ્પોર્ટ્સ ફોર ગુડ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવી હતી.



- વર્ષ 2000માં પ્રથમ એવોર્ડ રજૂ કરવામાં આવ્યો હતો.
- ટેનિસ ખેલાડી શ્રી રોજર ફેડરરે આ એવોર્ડ સૌથી વધુ વખત જીત્યો છે. તેમણે છ વખત 'સ્પોર્ટ્સ મેન ઓફ ધ યર એવોર્ડ' જીત્યો છે.
- વિજેતાઓને લોરિયસની પ્રતિમા ભેટ આપવામાં આવે છે.
- આ એવોર્ડને સ્પોર્ટ્સનો ઓસ્કાર એવોર્ડ પણ કહે છે.

**નોંધ :** (1) વર્ષ 2020માં ભારતના પ્રસિદ્ધ ક્રિકેટર શ્રી સચિન તેંડુલકરને 'લોરિયસ સ્પોર્ટિંગ મોમેન્ટ ઓફ ધ યર 2000-2020 એવોર્ડ' એનાયત થયો હતો.

(2) વર્ષ 2011ની વર્લ્ડ કપ વિનિંગ મોમેન્ટ માટે શ્રી સચિન તેંડુલકરને આ એવોર્ડ મળ્યો હતો.

1. તાજેતરમાં ભારતના સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંહે કયા સ્થળે ભારતીય વાયુસેના (IAF) હેરિટેજ સેન્ટરનું ઉદ્દઘાટન કર્યુ હતું ?
   (A) જોધપુર (B) ચંદીગઢ (C) લખનૌ (D) જામનગર
   **(B)**

2. લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ–2023માં 'સ્પોર્ટ્સ મેન ઓફ ધ યર' એવોર્ડ કોને મળ્યો છે ?
   (A) શ્રી રાફેલ નડાલ (B) શ્રી બિલ જિન કિંગ
   (C) શ્રી લિયોનેલ મેસ્સી (D) શ્રી રોજર ફેડરર
   **(C)**

3. લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ 2023માં 'સ્પોર્ટ્સ વુમન ઓફ ધ યર' એવોર્ડ કોને મળ્યો છે ?
   (A) સુશ્રી જસ્ટિન હુનિન (B) સુશ્રી મોનિક સેલેસ
   (C) સુશ્રી માર્ગોરેટ કોર્ટ (D) સુશ્રી શેલી–એન ફ્રેઝર–પ્રાઈસ
   **(D)**

4. લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ 2023માં 'વર્લ્ડ ટીમ ઓફ ધ યર' એવોર્ડ કઈ ટીમે જીત્યો છે ?
   (A) ઓસ્ટ્રેલિયન વુમન ક્રિકેટ ટીમ (B) આર્જેન્ટિના પુરુષ ફૂટબોલ ટીમ
   (C) જર્મની પુરુષ હોકી ટીમ (D) બ્રાઝિલ પુરુષ ફૂટબોલ ટીમ
   **(B)**

5. લોરિયસ વર્લ્ડ સ્પોર્ટ્સ એવોર્ડ સૌથી વધારે કયા ખેલાડીએ જીત્યો છે ? (2000-2023)
   (A) શ્રી રાફેલ નડાલ (B) શ્રી રોજર ફેડરર
   (C) શ્રી બિલિ જીન કિંગ (D) શ્રી એફસી બાયર્ન
   **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS




## દિવસ મહિમા : 11 મે, રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ (National Technology Day)




ભારતના કેન્દ્રીય વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય દ્વારા ભારતમાં દર વર્ષે 11 મે ના રોજ 'રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં વૈજ્ઞાનિક અને ટેક્નોલોજી ક્ષેત્રે થયેલી વિવિધ શોધોની યાદમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

### 11મે ના રોજ આ દિવસ શા માટે ઉજવાય છે ?

(1) 11 મે, 1998ના રોજ ભારતે રાજસ્થાનના પોખરણ ખાતેથી 'ઓપરેશન શક્તિ' (મૂળ નામ : ઓપરેશન શક્તિ–98) અંતર્ગત પરમાણુ અથવા તો ન્યુક્લિયર બોમ્બનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

(2) 11 મે, 1998ના રોજ ભારતના પ્રથમ સ્વદેશી એરક્રાફટ 'હંસા–3'નું બેંગલુરુ ખાતેથી સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

(3) 11 મે, 1988ના રોજ ભારતે 'ત્રિશુલ' મિસાઈલનું પણ અંતિમ સફળ પરીક્ષણ કર્યુ હતું.

આથી, આ દિવસની યાદમાં ભારતમાં દર વર્ષે 11 મે ના રોજ 'રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતના તત્કાલીન વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેઈએ આ દિવસની ઉજવણીની જાહેરાત કરી હતી.
- આ અંતર્ગત ભારતમાં 1999 થી દર વર્ષે 11 મે ના રોજ 'રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
- વર્ષ 2023ના રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસની થીમ 'School to Startups - Igniting young minds to Innovate' છે.

### ભારતનું પરમાણુ પરીક્ષણ

ભારતે 18 મે, 1974ના રોજ રાજસ્થાનના પોખરણ ખાતે પ્રથમ પરીક્ષણ કર્યુ હતું.

- આ પરીક્ષણને 'સ્માઈલિંગ બુધ્ધા' નામ આપવામાં આવ્યું હતું.
- ત્યારબાદ 11 મે, 1998ના રોજ ભારતે બીજું પરમાણુ પરીક્ષણ 'પોખરણ– II' હાથ ધર્યુ હતું.

- આ બીજા પરમાણુ પરીક્ષણને 'ઓપરેશન શક્તિ' નામ આપવામાં આવ્યું હતું.
- અને આ પરીક્ષણ દ્વારા ભારત અણુ અથવા તો પરમાણુ શક્તિ ધરાવતો વિશ્વનો છઠ્ઠો દેશ બની ગયો હતો.
- 'ઓપરેશન શક્તિ' અથવા તો 'પોખરણ– II' અંતર્ગત 5 પરમાણુ બોમ્બનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- આ 5 પરમાણુ બોમ્બમાંથી 1 બોમ્બ **Fusion Bomb** હતો. અને બાકીના 4 બોમ્બ **Fission Bomb** હતા.
- જેમાંથી 11 મે, 1998ના રોજ એક Fusion અને બે Fission Bombનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- અને ત્યારબાદ 13 મે, 1998ના રોજ બાકીના બે Fission Bombનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

## ઉત્તરાખંડમાં સ્થિત તુંગનાથ મંદિરને રાષ્ટ્રીય મહત્ત્વનું સ્મારક જાહેર કર્યુ



તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા પ્રાચીન તુંગનાથ મંદિરને રાષ્ટ્રીય મહત્ત્વના સ્મારક તરીકે જાહેર કરવા માટે એક નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું હતું.

- ઉત્તરાખંડના રુદ્ર પ્રયાગ જિલ્લામાં આવેલું તુંગનાથ મંદિર પ્રસિદ્ધ તીર્થસ્થાન છે.
- તે ઉત્તરાખંડના પાંચ પંચકેદારમાંનું એક મંદિર છે.

### તુંગનાથ મંદિર

તુંગનાથ મંદિર 12,800 ફૂટની ઊંચાઈ પર આવેલું છે.

- તે ભગવાન શિવને સમર્પિત સૌથી ઊંચા મંદિરોમાંનું એક છે અને પાંચ પંચકેદાર મંદિરોમાં સૌથી ઊંચું છે.
- તુંગનાથ મંદિર એક શિખરની ટોચ પર આવેલું છે જે મંદાકિની નદી (કેદરનાથ ઉપર નિકળતી)ના પાણીને અલકનંદા નદી (બદ્રીનાથ ઉપર ઉદ્‌ભવતી)થી અલગ કરે છે.
- એવું માનવામાં આવે છે કે ભગવાન રામે તુંગનાથની આસપાસ ચંદ્રશિલા શિખર પર ધ્યાન કર્યુ હતું.
- આ મંદિર પંચકેદાર મંદિરો સાથે સંકળાયેલું છે, જેનું નિર્માણ પાંડવો દ્વારા કરવામાં આવ્યું હતું.
- પંચકેદાર નીચે મુજબ છે :

(1) કેદરનાથ, (2) તુંગનાથ, (3) રુદ્રનાથ, (4) મધ્યમહેશ્વર અને (5) કલ્પેશ્વર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સિત્તવે પોર્ટ (SITTWE Port) : મ્યાનમાર



ભારત અને મ્યાનમારએ સંયુક્ત રીતે મ્યાનમારના રખાઈન રાજ્યમાં સિત્તવે પોર્ટનું ઉદ્દઘાટન કર્યુ છે.

- જે રાજ્યની સ્થાનિક અર્થવ્યવસ્થામાં યોગદાન આપતી વખતે દ્વિપક્ષીય અને પ્રાદેશિક વેપારને વધારવામાં એક મહત્વપૂર્ણ પગલું છે.
- આ પોર્ટના ઉદ્દઘાટનથી વધુ કનેક્ટિવિટી અને રોજગારીની તકો સાથે પ્રાદેશિક વિકાસની સંભાવનાને વેગ મળવાની અપેક્ષા છે.

### સિત્તવે પોર્ટ વિશે

સિત્તવે પોર્ટને કલાદન મલ્ટી–મોડલ ટ્રાન્ઝિટ ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ (KMTP)ના ભાગરૂપે વિકસાવવામાં આવ્યું છે.

- તેને ભારત સરકારની ગ્રાન્ટ ઈન એઈડ સહાય હેઠળ ભંડોળ પૂરું પાડવામાં આવ્યું છે.
- એકવાર સંપૂર્ણ રીતે કાર્યરત થઈ ગયા પછી KMTTPના જળમાર્ગ અને રસ્તાના ઘટકો સિત્તવે પોર્ટ દ્વારા ભારતના પૂર્વ કિનારાને ઉત્તર–પૂર્વીય રાજ્યો સાથે જોડશે.
- પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય કલાદન નદી દ્વારા મ્યાનમારમાં ભારતીય બંદરો સાથે મિઝોરમ માટે વૈકલ્પિક કનેક્ટિવિટી માર્ગ પ્રદાન કરવાનો છે.
- તેમાં હલ્દિયાથી સિત્તવે બંદર સુધી શિપિંગ, કલાદન નદી દ્વારા સિત્તવેથી પાલેટવા સુધીનું આંતરદેશીય જળ પરિવહન, પાલેટવાથી ભારત–મ્યાનમાર સરહદ સુધી માર્ગ પરિવહન અને ભારતમાં NH 54 સુધી માર્ગ પરિવહન જેવા વિભાગોનો સમાવેશ થાય છે.

### સિત્તવે પોર્ટના લાભો અને મહત્ત્વ

સિત્તવે પોર્ટનું સંચાલન દ્વિપક્ષીય અને પ્રાદેશિક વેપારમાં વધારો કરશે તેમજ મ્યાનમારના રખાઈન રાજ્યની સ્થાનિક અર્થવ્યવસ્થામાં ફાળો આપશે.

- પોર્ટ દ્વારા પૂરી પાડવામાં આવતી વધુ કનેક્ટિવિટી આ ક્ષેત્રમાં રોજગારીની તકો અને વૃદ્ધિની સંભાવના તરફ દોરી જશે.
- સિત્તવે પોર્ટ બંગાળની ખાડી પર એક ઊંડા પાણીની અંદરનું બંદર છે જે દક્ષિણ–પશ્ચિમ મ્યાનમાર અને ઉત્તર–પૂર્વ ભારત વચ્ચે પરિવહનની વ્યવસ્થામાં સુધારો કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- કોમોડિટી કોલકાતાથી સિત્તવે પોર્ટ પર મોકલી શકાય છે જ્યાંથી તે પછીથી મિઝોરમમાં પહોંચાડી શકાય છે.
- કલાદન પ્રોજેક્ટ ઉત્તર–પૂર્વ ભારત અને બાકીના રાષ્ટ્ર વચ્ચે અલગ જોડાણ પ્રદાન કરશે. ભારતના સાત ઉત્તર–પૂર્વ રાજ્યોમાં પ્રવેશ હવે સિલિગુડી કોરિડોર દ્વારા આપવામાં આવે છે. તેને ચિકન નેક પણ કહેવામાં આવે છે.
- સિત્તવે પોર્ટના વિકાસ સાથે કોલકાતા અને અગરતલા તથા આઈઝોલ વચ્ચે માલસામાન પરિવહનના ખર્ચ અને સમય 50 ટકા ઘટવાની અપેક્ષા છે.



1. ભારતમાં 'રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 8 મે (B) 9 મે (C) 10 મે (D) 11 મે **(D)**

2. ભારતમાં 11 મે ના રોજ 'રાષ્ટ્રીય ટેક્નોલોજી દિવસ'ની ઉજવણીનો પ્રારંભ કયારથી થયો હતો ?

(A) 1996 (B) 1997 (C) 1999 (D) 2002 **(C)**

3. 11 મે ના રોજ ભારતમાં નીચેનામાંથી કઈ ઘટના ઘટી હોવાથી આ દિવસે ભારતમાં 'રાષ્ટ્રીય ટેકનોલોજી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

1. 11 મે, 1974ના રોજ પોખરણ– I નો પ્રારંભ

2. 11 મે, 1998ના રોજ 'પૃથ્વી' મિસાઈલનું સફળ પરીક્ષણ

3. 11 મે, 1998ના રોજ ભારતના પ્રથમ સ્વદેશી યાન 'હંસા– 3'નું પરીક્ષણ

4. 11 મે, 1998ના રોજ પોખરણ IIનો પ્રારંભ

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 2, 3 અને 4 (B) ફક્ત 2, 3 અને 4

(C) ફક્ત 1, 2 અને 3 (D) ફક્ત 3 અને 4 **(D)**

4. તાજેતરમાં તુંગનાથ મંદિરને રાષ્ટ્રીય મહત્ત્વનું સ્મારક જાહેર કર્યુ છે. તે કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) મહારાષ્ટ્ર (B) ઉત્તરાખંડ (C) હિમાચલ પ્રદેશ (D) તમિલનાડુ **(B)**

5. ઉત્તરાખંડમાં સ્થિત પંચકેદારમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?

(A) આદિનાથ (B) કેદારનાથ (C) તુંગનાથ (D) રુદ્રનાથ **(A)**

6. તાજેતરમાં ભારત અને મ્યાનમારએ મ્યાનમારમાં સંયુક્ત રીતે મ્યાનમારમાં કયા પોર્ટનું ઉદઘાટન કર્યુ હતું ?

(A) SITTWE Port (B) Yangon Port (C) Thilawa Port (D) Merugi Port **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 12 મે, આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ (International Nurses Day)




સમગ્ર વિશ્વમાં દર વર્ષે 12 મે ના રોજ 'આંતરરાષ્ટ્રીય નર્સ (પરિચારિકા) દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સાક્ષાત દેવી સ્વરૂપ નર્સ બહેનોના સમાજ પ્રત્યેના અમૂલ્ય યોગદાનને બિરદાવવાનો છે.
- સુશ્રી ફ્લોરેન્સ નાઈન્ટિંગલનો જન્મદિન 12 મે દર વર્ષે 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ' તરીકે ઉજવાય છે.
- બ્રિટનમાં 'દયાની દેવી' તરીકે પ્રસિધ્ધ થયેલા સુશ્રી ફ્લોરેન્સ નાઈન્ટિંગલે 'આધુનિક નર્સિંગ'ની સ્થાપના કરી હતી.
- આથી, તેમનો જન્મ દિવસ 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ' તરીકે ઉજવાય છે.
- International Council of Nurses (ICN) દ્વારા 1965થી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- જોકે, 12 મે ના રોજ 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ'ની ઉજવણી કરવાનો નિર્ણય જાન્યુઆરી, 1974મા થયો હતો.
- અને ત્યારબાદ દર વર્ષે 12 મે ના રોજ આ દિવસ ઉજવાય છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### વર્ષ 2023ની થીમ

વર્ષ 2023ના 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ'ની થીમ 'Our Nurses.Our Future' છે.

નોંધ: (1) સુશ્રી ફ્લોરેન્સ નાઈન્ટિંગલનો જન્મ 12 મે, 1820ના રોજ ઈટલીના ફ્લોરેન્સમાં થયો હતો. જોકે, તેમની કર્મભૂમિ બ્રિટન હતી.

(2) સુશ્રી ફ્લોરેન્સ નાઈન્ટિંગલ ક્રિમિઅન યુધ્ધ દરમિયાન ઘાયલ થયેલા બ્રિટિશ સૈનિકોની સંભાળ માટે પ્રસિધ્ધ છે. આ સમયે તેમણે નર્સોના મેનેજર અને ટ્રેનર તરીકે પણ ફરજ બજાવી હતી.

(3) સુશ્રી ફ્લોરેન્સ નાઈન્ટિંગલ 'લેડી વિથ ધ લેમ્પ' (Lady with the lamp) તરીકે પણ જાણીતા છે.

## 12 મે : વનસ્પતિ આરોગ્યનો આંતરરાષ્ટ્રીય દિવસ

માર્ચ 2022માં યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (UNGA)એ છોડના સંરક્ષણના મહત્ત્વ વિશે જાગૃતિ લાવવા અને છોડના સ્વાસ્થ્યને બચાવવા માટે 12 મેના રોજ 'વનસ્પતિ આરોગ્યનો આંતરરાષ્ટ્રીય દિવસ' (International Day of Plant Health - IDPH) તરીકે ઉજવવાનું નક્કી કર્યુ હતું.

- અને આ માટે એક ઠરાવ પણ પસાર કરવામાં આવ્યો હતો.
- યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (UNGA) ઠરાવ પર બોલિવિયા, ફિનલેન્ડ, પાકિસ્તાન, ફિલિપાઈન્સ, તાંઝાનિયા અને ઝામ્બિયા જેવા દેશો દ્વારા સહ–હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.
- ઈન્ટરનેશનલ ડે ઓફ પ્લાન્ટ હેલ્થ (IDPH)ના ઉદ્દેશ્ય નીચે મુજબ છે :
  - (a) સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ (SDG) 2 એટલે કે ઝીરો હંગર હાંસલ કરવા માટે છોડને સ્વસ્થ રાખવાના મહત્ત્વ અંગે જાગૃતિ વધારવી.
  - (b) આંતરરાષ્ટ્રીય મુસાફરી અને વેપાર દ્વારા છોડની જીવાતોના પ્રસારના જોખમને ઘટાડવું.
  - (c) છોડના સ્વાસ્થ્યને બચાવવા માટે પ્રારંભિક ચેતવણી પ્રણાલીઓને મજબૂત બનાવવી.
  - (d) છોડને સ્વસ્થ રાખવા માટે ટકાઉ જંતુનાશક વ્યવસ્થાપનની ખાતરી કરવી.
  - (e) છોડના સ્વાસ્થ્ય પર સંશોધન અને વિકાસમાં રોકાણને પ્રોત્સાહિત કરવા.
- છોડના સ્વાસ્થ્યનું રક્ષણ કરવાથી ભૂખ દૂર કરવામાં, ગરીબી ઘટાડવામાં, જૈવવિવિધતાનું રક્ષણ કરવામાં અને આર્થિક વૃદ્ધિ અને વિકાસને પ્રોત્સાહન આપવામાં મદદ મળશે.
- FAO અનુસાર આક્રમક જીવાતો અને રોગોને કારણે દર વર્ષે લગભગ 40% ખાદ્ય પાકોનો નાશ થાય છે.
- આબોહવા પરિવર્તન અને વિનાશક માનવ પ્રવૃત્તિઓ પણ છોડની ઈકોસિસ્ટમને નુકસાન પહોંચાડી રહી છે અને જૈવવિવિધતાના નુકસાનમાં ફાળો આપી રહી છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## તાગિન સમુદાય પર આધારિત પ્રથમ ફીચર ફિલ્મ



શ્રી તપન નાતમ દ્વારા એક નવી ફીચર ફિલ્મ Love in 90sનું ટ્રેલર તાજેતરમાં કેન્દ્રીય મંત્રી શ્રી કિરેન રિજ્જુ દ્વારા નવી દિલ્હીમાં રિલીઝ કરવામાં આવ્યું હતું.

- આ ફિલ્મ નોંધપાત્ર છે કારણ કે તે અરૂણાચલ પ્રદેશના તાગિન સમુદાય પર આધારિત પ્રથમ ફિલ્મ છે.
- આ ફિલ્મમાં આદિવાસી સમુદાય તેમજ પૂર્વોત્તર રાજ્યની સંસ્કૃતિ, જીવનશૈલી અને વિવિધ તત્ત્વોનું ચિત્રણ કરવામાં આવ્યું છે.
- તાગિન અરૂણાચલ પ્રદેશની મુખ્ય જાતિઓમાંની એક છે.
- તાગિન સમુદાય પરંપરાગત સંસ્કૃતિથી સમૃદ્ધ છે.
- તાગિન અબો તાની કુળના છે. આબો એટલે પિતા અને તાની એટલે વડવાનું નામ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી નીરજ ચોપરાએ દોહા ડાયમંડ લીગ 2023નો ખિતાબ જીત્યો



ઓલિમ્પિક ગોલ્ડ મેડલ વિજેતા શ્રી નીરજ ચોપરાએ તાજેતરમાં ‘દોહા ડાયમંડ લીગ 2023’નો ખિતાબ જીત્યો હતો.

- શ્રી નીરજ ચોપરાએ દોહા ડાયમંડ લીગ 2023માં 88.67 મીટર થ્રો સાથે આ ખિતાબ જીત્યો છે.
- શ્રી નરીજ ચોપરાનો બીજો થ્રો 86.04 મીટરનો હતો.
- ડાયમંડ લીગ એ એલિટ ટ્રેક અને ફિલ્ડ સ્પર્ધાઓની વાર્ષિક શ્રેણી છે.
- તે 2010માં અગાઉની IAAF ગોલ્ડન લીગ અને IAAF વર્લ્ડ એથ્લેટિક્સ ફાઈનલ ઈવેન્ટના સ્થાને શરૂ કરવામાં આવી હતી.

**1.** સમગ્ર વિશ્વમાં 'આંતરરાષ્ટ્રીય પરિચારિકા દિવસ' અથવા તો 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 10 મે (B) 11 મે (C) 12 મે (D) 13 મે **(C)**

**2.** કોનો જન્મદિન 12 મે દર વર્ષે 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ' તરીકે ઉજવાય છે ?

(A) સુશ્રી એના હાર્વિસ (B) સુશ્રી પેરિસ હિલ્ટન

(C) સુશ્રી ફ્લોરેન્સ નાઈન્ટિંગલ (D) સુશ્રી જસ્ટિન બિઅબર **(C)**

**3.** વર્ષ 2023ની 'આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ'ની થીમ શું છે ?

(A) A Voice to lead - invest in nursing and respect right to secure global health

(B) Nurses : A voice to lead - health for all

(C) Our Nurses : Our Future

(C) ત્રણેય પૈકી એકપણ નહીં **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**4.** તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ કરેલી જાહેરાત અનુસાર કયા દિવસના રોજ 'વનસ્પતિ આરોગ્યનો આંતરરાષ્ટ્રીય દિવસ' (International Day of Plant Health) તરીકે ઉજવવામાં આવશે ?

(A) 12 મે (B) 12 માર્ચ (C) 12 એપ્રિલ (D) 12 જૂન **(A)**

**5.** તાજેતરમાં કેન્દ્રીય મંત્રી શ્રી કિરેન રિજ્જુએ 'Love in 90s' ફિલ્મનું ટ્રેલર રિલીઝ કર્યુ હતું. આ ફિલ્મ કયા રાજ્યના તાગિન સમુદાય પર આધારિત પ્રથમ ફિલ્મ છે ?

(A) મેઘાલય (B) અરૂણાચલ પ્રદેશ (C) કેરળ (D) આંધ્રપ્રદેશ **(B)**

**4.** તાજેતરમાં કયા ભારતીય જેવેલિન થ્રોઅરે 'દોહા ડાયમંડ લીગ 2023'નો ખિતાબ જીત્યો હતો ?

(A) શ્રી નીરજ ચોપરા (B) શ્રી દેવેન્દ્ર ઝાઝરિયા

(C) શ્રી સંદીપ ચૌધરી (D) શ્રી સુમિત અંતિલ **(A)**

## કોવિડ-19 મહામારી હવે 'ગ્લોબલ હેલ્થ ઈમરજન્સી' નહીં : WHO

તાજેતરમાં WHOએ જાહેરાત કરી હતી કે કોવિડ-19 મહામારીનો અંત આવ્યો છે. Covid-19 મહામારીને હવે ગ્લોબલ હેલ્થ ઈમરજન્સી ગણવામાં આવશે નહીં

- WHOની ઈમરજન્સી કમિટીની 15મી મિટિંગમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.
- માર્ચ 2020માં કોવિડ-19ને 'ગ્લોલબ હેલ્થ ઈમરજન્સી' જાહેર કરવામાં આવી હતી. જેનો મે 2023માં અંત લાવવાનો નિર્ણય કર્યો છે.
- WHOના જણાવ્યા અનુસાર કોવિડ-19 મહામારીને કારણે 69 લાખથી વધુ લોકોના મૃત્યુ થયા છે.

### વૈશ્વિક મહામારી એટલે શું

- કોઈ એક જ ચેપી રોગને કારણે એક જ સમયે દુનિયાભરમાં મોટી સંખ્યામાં લોકો અસરગ્રસ્ત થાય ત્યારે તે રોગને વૈશ્વિક મહામારી તરીકે જાહેર કરવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### Covid-19

#### ઉદ્દભવ

નવેમ્બર–ડિસેમ્બર, 2019ના સમયગાળા દરમિયાન ચીનના હુબેઈ પ્રાંતના વુહાન શહેરમાં ન્યુમોનિયાના કેટલાક કેસ જોવા મળ્યા હતા.

- જે તપાસ દરમિયાન એવું જાણવા મળ્યું કે આ વાયરસ અન્ય કોઈ વાયરસ સાથે સંબંધિત નથી.
- આથી, ચીનની સરકાર દ્વારા 31 ડિસેમ્બર, 2019ના રોજ World Health Organization (WHO)ને આ વાયરસ વિશે જાણ કરી હતી.
- ત્યારબાદ લગભગ એક અઠવાડિયા સુધી એટલે કે 7 જાન્યુઆરી, 2020ના રોજ ચીની અધિકારીઓએ એવી જાણ કરી હતી કે અમે એક નવા વાયરસની ઓળખ કરી છે.
- આ વાયરસને અસ્થાયીરૂપે Novel Corona Virus-2019 નામ આપવામાં આવ્યું હતું.

## કોરોના વાયરસનું નામકરણ

કોરોના વાયરસને જ્યારે માઈક્રોસ્કોપ હેઠળ જોવામાં આવે ત્યારે તે સૌર–કૌરોના જેવો દેખાય છે.

- આથી શરૂઆતમાં તેનું નામ 'કોરોના વાયરસ' (અસ્થાયીરૂપે) રાખવામાં આવ્યું હતું.
- 11 ફેબ્રુઆરી, 2020ના રોજ WHO દ્વારા કોરોના વાયરસનું નવું નામ 'Covid-19' રાખવામાં આવ્યું હતું.
- વિશ્વ આરોગ્ય સંગઠન (WHO)ના જણાવ્યા અનુસાર Covid-19માં........
  - 'Co' એ કોરોનાનો સંદર્ભ આપે છે.
  - 'VI' એ વાયરસનું સૂચન કરે છે.
  - 'D' એ રોગનું સૂચન કરે છે.
  - તથા સંખ્યા '19' એ આ રોગના શોધનું વર્ષ સુચિત કરે છે.

નોંધઃ (1) WHO દ્વારા નવા રોગનું નામકરણ કરવામાં આવે છે. જેથી સમાન નામોના રોગનો દુરુપયોગ થતો અટકાવી શકાય.

(2) નવા રોગના નામ પર શબ્દનું મિશ્રણ હોવું જોઈએ. આ શબ્દમાં નૈદાનિક લક્ષણો (શ્વસન), શારીરિક પ્રક્રિયાઓ અને રોગ વિષયક સંદર્ભના આધારે સામાન્ય વર્ણાત્મક શબ્દો સામેલ કરવામાં આવે છે.

(3) જે વિશિષ્ટ વર્ણનાત્મક શબ્દ જેવા કે પીડિત (શિશુ, કિશોર અથવા માતા), હવામાન (ઉનાળો અથવા શિયાળો) અને ગંભીરતાનો ઉલ્લેખ કરે છે.

(4) નામમાં અન્ય તથ્યાત્મક તત્ત્વો પણ સામેલ થઈ શકે છે. જેવા કે પર્યાવરણ (મહાસાગર અથવા નદી), રોગના કારણો (બેક્ટેરિયા અથવા વાયરસ), વર્ષ (નવા રોગનું શોધનું વર્ષ)નો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## કોવિડ-19ને કારણે મૃત્યુ

WHOની વેબસાઈટમાં જણાવ્યા અનુસાર મે, 2023ની સ્થિતિએ Covid-19 મહામારીને કારણે વૈશ્વિક સ્તરે 69 લાખથી વધુ લોકોના મૃત્યુ થયા છે.

- આ ઉપરાંત અસંખ્ય લોકો ચેપગ્રસ્ત થયા હતા.

## WHO

WHOનું પૂરું નામ 'World Health Organization' છે.

- WHO એ વિશ્વ સ્તરે આરોગ્યની દેખરેખ રાખતી યુનાઈટેડ નેશન્સની એક વિશેષ એજન્સી છે.
- 7 એપ્રિલ, 1948ના રોજ તેની સ્થાપના થઈ હતી.
- તેનું વડું મથક સ્વિત્ઝર્લેન્ડના જિનીવા ખાતે આવેલું છે.

**1.** કયા વર્ષે કોવિડ-19ને ‘ગ્લોબલ હેલ્થ ઈમરજન્સી’ અથવા ‘વૈશ્વિક મહામારી’ જાહેર કરવામાં આવી હતી ?

(A) 2018 (B) 2019 (C) 2020 (D) 2021 **(C)**

**2.** કઈ સંસ્થાએ કોરોના વાયરસને વૈશ્વિક મહામારી જાહેર કરી હતી ?

(A) UNICEF (B) World Bank (C) WHO (D) UN **(C)**

**3.** કોરોના વાયરસનો પ્રથમ કેસ ચીનના કયા શહેરમાં નોંધાયો હતો ?

(A) શેનઝેન (B) તિયાનજિન (C) સુઝોઉ (D) વુહાન **(D)**

**4.** ચીનના કયા પ્રાંતના વુહાન શહેરમાં કોરોના વાયરસનો પ્રથમ કેસ નોંધાયો હતો ?

(A) હૈનન (B) હુબઈ (C) જિયાંગ્ઝુ (D) હુનાન **(B)**

**5.** WHOના જણાવ્યા અનુસાર Covid-19માં 'VI' શું છે ?

(A) કોરોનાનો સંદર્ભ આપે છે. (B) વાયરસનું સૂચન કરે છે.

(C) રોગનું સૂચન કરે છે. (D) રોગના વર્ષનો સંદર્ભ આપે છે. **(B)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ગુજરાત

➤ **GCRIમાં સાયક્લોટ્રોન પ્રોજેક્ટ માટે 70 કરોડ ફાળવવા રાજ્ય સરકારની મંજૂરી**



ધ ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં સાયક્લોન પ્રોજેક્ટ શરૂ કરવા માટે રાજ્ય સરકારે 70 કરોડ રૂપિયાની ફાળવણી કરવાનો સૈદ્ધાંતિક નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને અને આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિતિમાં મળેલી આરોગ્ય વિભાગની ઉચ્ચસ્તરીય બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (અમદાવાદ) ખાતે આ પ્રોજેક્ટ શરૂ થવાથી વધુ પ્રમાણમાં ઉત્પાદન ક્ષમતા સાથે જ્યારે જોઈએ ત્યારે રેડિયો એક્ટિવ પદાર્થ મળી શકશે. એટલું જ નહિ દર્દી દીઠ તપાસમાં પણ ઓછો ખર્ચ આવશે. આ સાયક્લોટ્રોન પ્રોજેક્ટ અને તેની સુસંગત વ્યવસ્થા માટે 1000 સ્ક્વેર મીટર જગ્યાની જરૂરિયાત સાયક્લોટ્રોન બંકર બનાવવા તથા બેઝમેન્ટ સહિત પાંચ માળના યુટિલિટી બિલ્ડિંગ નિર્માણ માટે 1000 સ્ક્વેર મીટરની જરૂરિયાત રહેશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **પ્રોજેક્ટ સંજય**



ભારતીય સેના પોતાને 'ભવિષ્યમાં તૈયાર, ટેક્નોલોજી સંચાલિત, ઘાતક અને ચપળ બળ'માં પરિવર્તિત કરવાનો ધ્યેય ધરાવે છે. આ વિઝનને હાંસલ કરવા માટે તેમણે 'પ્રોજેક્ટ સંજય' નામનો પ્રોજેક્ટ શરૂ કર્યો છે. જે આર્મીની બેટલફિલ્ડ સર્વેલન્સ સિસ્ટમના નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. સિસ્ટમનો પ્રાથમિક ઉદ્દેશ ઝડપી નિર્ણય લેવા માટે અને સ્ટાફને એકંદર ઓપરેશનલ ચિત્ર પ્રદાન કરવાનો છે. ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ માટે સિસ્ટમ ઈન્ટિગ્રેટર છે.

**➤ INSV તારિણી 17,000 નોટિકલ માઈલની સફર પૂર્ણ કરશે**



ભારતીય નૌકાદળનું નૌકાવિહાર જહાજ તારિણી 24 મેના રોજ ગોવા ખાતે તેના આગમન પછી 17,000 નોટિકલ માઈલના રૂટને આવરી લેતી 6 મહિનાની લાંબી ટ્રાન્સસેનિક અભિયાન પૂર્ણ કરશે. આ જહાજ કેપ ટુ રિયો રેસ 2023માં ભાગ લઈને કેપ ટાઉન, દક્ષિણ આફ્રિકા થઈને બ્રાઝિલના રિયો ડી જાનેરો માટે રવાના થયું હતું. આ અભિયાન પડકારજનક હતું. જેમાં તારિણીએ તોફાનો, પડકારરૂપ સમુદ્રો, તીવ્ર પવનો અને ભારે હવામાન પરિસ્થિતિઓનો સામનો કર્યો હતો. તારિણીના ક્રૂમાં બે મહિલા અધિકારીઓ સહિત છ અધિકારીઓનો સમાવેશ થતો હતો. જેમણે સમગ્ર સફર દરમિયાન તેમની ભાવના, દૃઢતા અને સાહસ દર્શાવ્યો હતો. INS તારિણી એ ભારતીય નૌકાદળની બીજી સેઈલ બોટ છે જે ગોવાના કુંભ શિપયાર્ડમાં બનાવવામાં આવી છે. આ જહાજને 18 ફેબ્રુઆરી 2017ના રોજ નૌકાદળને સોંપવામાં આવ્યું હતું અને તેનું નામ તારિણી મંદિર પરથી રાખવામાં આવ્યું હતું. નોંધનીય છે કે INSV તારિણી 2017માં શરૂ થયેલી નાવિકા સાગર પરિક્રમા નામના ઐતિહાસિક અભિયાનમાં તમામ મહિલા અધિકારી ક્રૂ સાથે વિશ્વની પરિક્રમા કરવા માટે જાણીતી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**➤ રેલવે મંત્રાલયએ Rail War Roomની સ્થાપના કરી**



રેલવે મંત્રાલય દ્વારા જાહેર ફરિયાદોના ઝડપી નિવારણની સુવિધા માટે 'રેલ વોર રૂમ'ની સ્થાપના કરવામાં આવી છે. નવીનત્તમ સંદેશાવ્યવહાર સુવિધાઓથી સજ્જ તે રેલ્વેની સેવાઓને સુધારવા માટે ચોવીસ કલાક કામ કરશે. જનતાની ફરિયાદોના ઝડપી નિવારણ માટે દિલ્હીમાં રેલવે મંત્રાલયમાં એક નવો વોર રૂમ બનાવવામાં આવ્યો છે. તે અઠવાડિયા દરમિયાન દરરોજ રાત્રે 10 વાગ્યા સુધી કાર્ય કરે છે. નવીનત્તમ સંદેશાવ્યવહાર સુવિધાઓથી સજ્જ, વોર રૂમમાં મિનિટ–ટુ–મિનિટ મોનિટરિંગ માટે ફરિયાદો અને નિવારણ રેશિયો પ્રદર્શિત કરવા માટે મોટી સ્ક્રીન છે.

➤ **પોષણ ભી, પઢાઈ ભી**



કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રીએ સરકારનો મુખ્ય કાર્યક્રમ 'પોષણ ભી, પઢાઈ ભી' શરૂ કર્યો છે. જે દેશભરની આંગણવાડીઓમાં 'અર્લી ચાઈલ્ડહૂડ કેર એન્ડ એજ્યુકેશન' (ECCE) પર ધ્યાન કેન્દ્રિત કરશે. ECCE એ મિશન સક્ષમ આંગણવાડી અને પોષણ 2.0નો એક મહત્વપૂર્ણ ઘટક છે. મંત્રાલયે ECCEને અસરકારક રીતે અમલમાં મૂકવા માટે આંગણવાડી કાર્યકરો (AWW)ની તાલીમ માટે રૂ. 600 કરોડ ફાળવ્યા છે. રાષ્ટ્રીય જાહેર સહકાર અને બાળ વિકાસ સંસ્થા (NIPCCD) આંગણવાડી કાર્યકરોને તાલીમ આપશે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય આંગણવાડી કેન્દ્રોને માત્ર પોષણ કેન્દ્રો જ નહીં પરંતુ શિક્ષણ આપતા કેન્દ્રોમાં પણ પરિવર્તિત કરવાનો છે. 'પોષણ ભી પઢાઈ ભી' ECCE નીતિ દ્વારા રજૂ કરાયેલા ફેરફારો દ્વારા દરેક બાળકને દરરોજ ઓછામાં ઓછા બે કલાકનું ઉચ્ચ–ગુણવત્તાનું પૂર્વ–શાળાનું શિક્ષણ પૂરું પાડવામાં આવશે.

➤ **સંકલિત આરોગ્ય સંશોધન માટે આયુષ મંત્રાલય અને ICMR વચ્ચે MoU**



આયુષ મંત્રાલય અને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) એ ભારતમાં સંકલિત સ્વાસ્થ્ય સંશોધનને પ્રોત્સાહન આપવા અને સહયોગ કરવા માટે એક સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા છે. આ સહયોગ આધુનિક તબીબી પદ્ધતિઓનો ઉપયોગ કરીને પુરાવા નિર્માણ માટે અસરકારક સંશોધનને પ્રોત્સાહન આપવા માટે આરોગ્ય સંભાળમાં રાષ્ટ્રીય મહત્ત્વના ઓળખાયેલા ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ MoU આયુષ સંશોધકોની તાલીમ દ્વારા સંશોધન ક્ષમતાને પણ મજબૂત કરશે. પરંપરાગત અને આધુનિક દવા એકીકરણ એ સરકારની પ્રાથમિકતા છે. અને તેને સહકાર તરફના એક મહત્વપૂર્ણ પગલાં તરીકે જોવામાં આવે છે. આ MoU બંને પક્ષો દ્વારા સંયુક્ત સહ–ધિરાણ સાથે તમામ AIIMS પર સંકલિત સ્વાસ્થ્ય માટે આયુષ–ICMR એડવાન્સ્ડ રિસર્ચ સેન્ટર્સની સ્થાપનાને સક્ષમ કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

# વિશ્વ

➤ **World Bankનો Business Ready Project**

વિશ્વ બેંક ગ્રુપે તાજેતરમાં બિઝનેસ રેડી નામનો એક નવો પ્રોજેક્ટ શરૂ કર્યો છે, જેનો હેતુ વિશ્વભરની અર્થવ્યવસ્થાઓમાં વ્યવસાય અને રોકાણના વાતાવરણનું મૂલ્યાંકન કરવાનો છે. નવી પહેલ ડુઈંગ બિઝનેસ પ્રોજેક્ટનું સ્થાન લેશે, જે બે દાયકાથી વધુ સમયથી વેપાર કરવાની સરળતાને માપવા માટે વિશ્વ બેંક જૂથનો મુખ્ય કાર્યક્રમ છે. બિઝનેસ રેડિ પ્રોજેક્ટનો હેતુ દરેક દેશના આર્થિક વાતાવરણને ગતિશીલ ખાનગી ક્ષેત્ર માટે તૈયાર કરવાનો છે. આ દરેક અર્થતંત્રમાં વ્યવસાય કરવાની સરળતાનું મૂલ્યાંકન અને રેન્કિંગ દ્વારા કરવામાં આવશે. બિઝનેસ રેડી પ્રોજેક્ટ વિશ્વ બેંક જૂથની અંદર બહારના વ્યવસાયિકોની ટીમ દ્વારા વિકસાવવામાં આવ્યો છે, જેમાં સરકારો, ખાનગી સંસ્થાઓ અને નાગરિક સમાજ સંસ્થાના સભ્યોનો સમાવેશ થાય છે.

➤ **ભારત, US, UAE અને સાઉદી અરેબિયાની ઈન્ફ્રાસ્ટ્રક્ચર પહેલ પર ચર્ચા**



તાજેતરમાં સાઉદી અરેબિયાની સરકારે ભારત, યુએસ અને સંયુક્ત આરબ અમીરાતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારો (NSA)ની વિશેષ બેઠકનું આયોજન કર્યુ હતું. આ બેઠકનો ઉદ્દેશ્ય દેશો વચ્ચેના સંબંધોને મજબૂત કરવાનો છે જેથી કરીને પ્રદેશના વિકાસ અને સ્થિરતામાં વધારો કરી શકાય. બેઠકમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર પ્રાદેશિક પહેલ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ભારત અને વિશ્વ સાથે વધુ કનેક્ટિવિટી સાથે વધુ સુરક્ષિત અને સમૃદ્ધ મધ્ય–પૂર્વ ક્ષેત્રના સહિયારા વિઝનને આગળ વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. છેલ્લા 18 મહિનામાં I2U2 દ્વારા આયોજિત વાતચીત દરમિયાન આ પહેલનો વિચાર ઉભરી આવ્યો હતો. I2U2 એ ભારત, ઈઝરાયેલ, UAE અને US દ્વારા રચાયેલું એક નવું જૂથ છે.

➤ **પ્રથમ દુબઈ ફિનટેક સમિટ**



દુબઈ તેના વ્યૂહાત્મક સ્થાન, વિશ્વ વર્ગના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને રોકાણકારો – મૈત્રીપૂર્ણ નીતિઓ સાથે વૈશ્વિક બિઝનેસ હબ બનવાની દિશામાં પગલા લઈ રહ્યું છે. તાજેતરમાં દુબઈમાં 8 થી 9 મે દરમિયાન દુબઈ ફિનટેક સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું આયોજન મધ્યપૂર્વ, આફ્રિકા અને દક્ષિણ એશિયા (MEASA) ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય નાણાકીય કેન્દ્ર દુબઈ ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સેન્ટર (DIFC) દ્વારા કરવામાં આવ્યું હતું. સમિટનું ઉદ્ઘાટન શેખ મકતુમ બિન મોહમ્મદ બિન રશીદ અલ મક્તુમ દ્વારા કરવામાં આવ્યું હતું. દુબઈ ક્ષેત્રના નાણાકીય ક્ષેત્રમાં નવીનતા અને અદ્યતન તકનીકોને પ્રોત્સાહન આપવા મુખ્ય ભૂમિકા ભજવી રહ્યું છે. ફિનટેક ઈનોવેશનના વિકાસને પ્રોત્સાહન આપવા માટે શહેર અનુકૂળ ઈકોસિસ્ટમ પ્રદાન કરે છે. DIFC દુબઈની અર્થવ્યવસ્થામાં મુખ્ય ફાળો આપનાર છે, જે તેના GDPમાં આશરે 6% ફાળો આપે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



1. દિલ્હી પ્રવાસન વિભાગે તેની બહુપ્રતિક્ષિત 'હીન્ટેડ વોક' શરૂ કરી છે, જેના માટે પ્રવાસ માટે પ્રથમ સ્થળ તરીકે ........................ને પસંદ કરવામાં આવ્યું છે. – માલચા મહેલ
2. તાજેતરમાં કયા રાજ્યએ લઘુમતી બાબતોના નિર્દેશાલયની સ્થાપના કરી છે ? – નાગાલેન્ડ
3. Global Warming's Four Indias, 2022 એ એક અહેવાલ છે. જે તાજેતરમાં ................ દ્વારા બહાર પાડવામાં આવ્યો હતો. – યેલ પ્રોગ્રામ ઓન ક્લાઈમેટ ચેન્જ કમ્યુનિકેશન
4. નીતિ આયોગે કઈ સંસ્થાના સહયોગથી 'બેસ્ટ પ્રેક્ટિસિસ ઈન સોશિયલ સેક્ટર: અ કમ્પેન્ડિયમ 2023' બહાર પાડ્યું છે ? – UNDP
5. તાજેતરમાં.............સરકારે 'મશીન્સ કેન્સ સી 2023' સમિટની શરૂઆત કરી હતી. – UAE
6. યુનાઈટેડ કિંગ્ડમ બ્રાઝિલના એમેઝોન ફંડમાં કેટલું યોગદાન આપશે ? – 101 મિલિયન ડોલરથી વધુનું
7. બીજા વિશ્વયુદ્ધમાં જર્મનોના શરણાગતિને ચિહ્નિત કરવા માટે રશિયામાં કયા દિવસે 'વિજય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ? – 9 મે
8. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'ઉભૌલી તહેવાર' કયા દેશમાં ઉજવવામાં આવે છે ? – નેપાળ
9. તાજેતરમાં ભારતના સંરક્ષણ મંત્રીએ..............માં દેશના પ્રથમ ભારતીય વાયુસેનાના હેરિટેજ સેન્ટરનું ઉદ્દઘાટન કર્યુ હતું. – ચંદીગઢ
10. તાજેતરમાં ચર્ચામાં રહેલ પરાલા ખેમુંડી રેલવે સ્ટેશન કયા રાજ્યમાં આવેલ છે ? – ઓડિશા
11. ઓલ ઈન્ડિયા રેડિયો હવે.............તરીકે ઓળખાશે. – આકાશવાણી
12. તાજેતરમાં કેટલામો મુખ્ય માહિતી સુરક્ષા અધિકારી વ્યાપક વિશ્લેષણ તાલીમ કાર્યક્રમ યોજાયો હતો ? – 36મો
(નેશનલ ઈ–ગવર્નન્સ ડિવિઝન (NeGD)એ તેની ક્ષમતાઓને વધારવાના હેતુથી વિશેષ પ્રોજેક્ટ હેઠળ 36મા મુખ્ય માહિતી સુરક્ષા અધિકારીઓ વ્યાપક વિશ્લેષણ તાલીમ કાર્યક્રમનું આયોજન કર્યુ હતું. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનીસ્ટ્રેશન, નવી દિલ્હી ખાતે આયોજિત અભ્યાસ સત્રમાં કેન્દ્રીય મંત્રાલયો અને રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોના 24 પ્રતિભાગીઓએ ભાગ લીધો હતો.)
13. ઈન્દિરા ગાંધી મહિલા સન્માન નિધિ કયા રાજ્યમાં શરૂ કરવામાં આવી છે ? – હિમાચલ પ્રદેશ
14. કયા રાજ્યએ સમર્પિત 'ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન'ની સ્થાપના કરી છે ? – મહારાષ્ટ્ર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

15. તાજેતરમાં કોણે 'Race to Net Zero' રિપોર્ટ બહાર પાડયો છે ? – ESCAP

16. તાજેતરમાં ભારતના રાષ્ટ્રપતિશ્રીએ સશસ્ત્ર દળો, અર્ધ સૈન્ય દળો અને પોલીસ દળોના કેટલા જવાનોને વીરતા પુરસ્કાર એનાયત કર્યા હતા ? – 37

(આઠ જવાનોને કીર્તિ ચક્ર અને 29 જવાનોને શૌર્ય ચક્ર એનાયત કરવામાં આવ્યા હતા.)

17. .............નવી ઈમારતોમાં અશ્મિભૂત ઈંધણ પર પ્રતિબંધ મૂકનાર પ્રથમ યુએસ રાજ્ય બન્યું છે. – ન્યૂયોર્ક

18. બેંક ફોર ઈન્ટરનેશનલ સેટલમેન્ટ્સ (BIS) સાથે કઈ સંસ્થાએ 'G20 Techsprint' લોન્ચ કર્યુ છે ? – RBI

19. કઈ સંસ્થાએ 'કૃષિ અને બજાર માહિતી પ્રણાલી (AMIS)'ની સ્થાપના કરી છે ? – FAO

20. તાજેતરમાં ભારતના ઉદ્યોગ અને આંતરિક વેપારના પ્રમોશન વિભાગ, વાણિજ્ય મંત્રાલયે.............માં પ્રથમ વખત શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) સ્ટાર્ટઅપ ફોરમનું આયોજન કર્યુ હતું. – નવી દિલ્હી

21. કયા રાજયએ ડયેન મસ્કુલર ડિસ્ટ્રોફીથી પીડિત દર્દીઓને 10 લાખ રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી છે ? – ઓડિશા

22. બાળકો માટે ડિજિટલ હેલ્થ કાર્ડ આપનાર પ્રથમ રાજ્ય કયું છે ? – ઉત્તરપ્રદેશ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



"સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા SOCIAL MEDIA ICON પર CLICK કરો

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YOUTUBE
ICE RAJKOT

INSTAGRAM
ICE RAJKOT

FACEBOOK
ICE RAJKOT

TWITTER
ICE RAJKOT